REGISTER B. NO. 156

શ્રી

પુ.૨૦ મું. સં.૧૯૬૦
અંક ૧ લો. ચૈત્ર.

# જૈનધર્મ પ્રકાશ.

शिखरिणीवृत्तम्.

धनं दत्तं वित्तं जिनवचनमभ्यस्तमखिलं ।
क्रियाकांडं चंडं रचितमवनौ सुप्तमसकृत ॥
तपस्तिव्रं तप्तं चरणमपि चीर्णं चिरतरं ।
नचेच्चित्ते भावस्तुषवपनवत्सर्वमफलम् ॥ १ ॥

प्रगट कर्त्ता.

## श्री जैनधर्म प्रसारक सभा.

भावनगर

अनुक्रमणिका

| | | |
|---|---|---|
| ૧ | શ્રી જિન સ્તુતિ. (પદ્ય) | ૧ |
| ૨ | પ્રસ્તાવ—આર્ય આચાર (પદ્ય) | ૨ |
| ૩ | મુખાશ ષ્ઠિ. (પદ્ય) | ૨ |
| ૪ | સિંહાવલોકન. | ૩ |
| ૫ | ધનપાલ. | ૭ |
| ૬ | "શ્રી તીર્થયાત્રા દિગ્દર્શન." | [illegible] |
| ૭ | મી. અમરચંદ પી. પરમારનો પ્રવાસ, [illegible] સુકાનીઓને સૂચના. | ૧૯ |
| ૮ | બનારસ જૈન પાઠશાળામાં મળેલ મદદ. | ૨૩ |




અમદાવાદ-"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ" માં છાપ્યું.
વીર સંવત ૨૪૩૦ શાકે ૧૮૨૬ સને ૧૯૦૪
વાર્ષિક મૂલ્ય રૂ૧) પોસ્ટેજ ચાર આના.

ચોપાનિયું રખડતું મુકીને આશાતના કરવી નહી.

# નવા વર્ષની ભેટ.

## પર્વ તિથિ દિન વિચાર ઉપર રત્નશેખર રાજા ને રત્નવતી રાણીની ચમત્કારી કથા.

(સંસ્કૃત, માગધી ગદ્ય પદ્યનું ભાષાંતર)

આ પૂરા થતા વર્ષની ભેટ આપવા માટે ઉપર જણાવેલ શુમારે ૭૭૦ શ્લોકના પ્રમાણવાળી આનંદ સાથે ઉપદેશાત્મક કથાનું ખાસ ભાષાંતર કરાવીને છપાવવાની શરૂઆત કરી છે. ભેટનો લાભ જે ગ્રાહકો પ્રથમથી લવાજમ મોકલે છે તેનેજ આપવામાં આવે છે છતાં આ વર્ષ પૂરૂં થયા પછી પણ બે માસ સુધી એટલે વૈશાખ વદ ૦)) સુધી જે ગ્રાહકનું લવાજમ અમને મળશે તેમને ભેટ મોકલવામાં આવશે. ત્યારપછી લવાજમ તો મોકલવુંજ પડશે પરંતુ ભેટનો લાભ મળી શકશે નહીં એ ચોકસ માનવું. હવે પછી લાભ ખોવો કે નહીં તે ગ્રાહકોનો જેવો વિચાર! આ કથા એટલી બધી રસીક ને ઉપદેશક છે કે પાછળથી ચાર આના ખરચીને ખરીદ કરવીજ પડશે અને બીજાને ત્યાં મફત આવેલી જોઇને ખેદ થશે; સુજ્ઞોને વધારે કહેવાની આવશ્યક્તા હોય નહી. તંત્રી.

---

## શ્રી અચલગઢમાં પ્રતિષ્ઠા.

શ્રી આબુજી તીર્થના અચલગઢવાળા વિભાગમાં વૈશાખ શુદિ ૧૦ મે પ્રતિષ્ઠા મહોત્સવ થવાનો છે. તે પ્રસંગે અષ્ટાહ્નિક મહોત્સવ તથા સ્વામિવાત્સલ્ય વિગેરે થવાનાં છે તેની કંકોત્રી વિસ્તારયુક્ત લખાણવાળી મળી છે તે વાંચી આનંદ થયો છે. તેમાં એક નવકારશી કારખાના તરફથી થવાની લખી છે તે કારખાનાના દ્રવ્યથી થવાની નથી પણ મહાજને કરેલી ટીપમાંથી કારખાના મારફત થવાની છે. એવો ખુલાસો અમારી તરફ લખાઇ આવ્યો છે.

# श्री जैनधर्म प्रकाश

दोहरो.

મનુ જન્મ પામી કરી, કરવા જ્ઞાન વિકાશ;
નેહ યુકત ચિત્તે કરી, વાંચો જૈન પ્રકાશ.

પુસ્તક ૨૦ મું. શાકે ૧૮૨૬ સં. ૧૯૬૦ ચૈતર. અંક ૧ લો.

## श्री जैन स्तुति.

પિતા માતા ભ્રાતા, જગત જયકારી પ્રભુ તમો,
વળી ત્રાતા ખ્યાતા, વિનતિ ઉર ધારી શુભ કરો;
નિવારો વિઘ્નોને, અચળ અવિનાશી જન તણા,
હમેશાં વંદુ હું, ચરણ કમળોને તુજ તણા. ૧
કર્યાં છે મેં પાપો, અઘટિત ઘણા ઉદ્ધત પણે,
નથી દીધાં દાનો, ન તુજ ભય જાણ્યો મન વિષે;
નથી કીધાં પુણ્યો, ભવ ઉદધિથી પાર તરવા,
નથી ભાવે પૂજ્યા, જિનપતિ કૃપાનાથ અરિહા. ૨
ક્ષમા યાચું છું હું, તદપિ પિતુ જાણી તમ તણી,
ઉથાપી મેં આણા, શત સહસ ધારીને ઉરથી;
સુધારો જૈનોને, કુમતિ હણી આપી સુમતિને,
કરો વિદ્યા વૃદ્ધિ, જન સમૂહ માંહે અઘહરે. ૩
ચડાવું હું પુષ્પો, વિશેષ ખુશબોદાર તમને,
રચાવું આંગી હું, દર્શન તુજ ભાવે જન કરે;
કહે ડાહ્યા સંતો, વિનતિ ઉરધારી સુમતિ દે,
તને વંદે સર્વે, નમિ નમિ હજારો વખત તે. ૪

ૐ.

## પ્રસ્તાવ—આર્ય આચાર.

" ચાલવું નજર આણી, પીવું તો ગળેલ પાણી;
" સત્યશાલી વદો વાણી, પવિત્ર તે આચરો. "

" સત્ય શૌચ તપ શૌચ, શૌચ ઇંદ્રિય—નિગ્રહ;
" સર્વ ભૂત દયા શૌચ, જળ સૌચ પાંચમું. "

" સત્ય તીર્થ તપ તીર્થ, તીર્થ ઇંદ્રિય નિગ્રહ;
" સર્વ ભૂત દયા તીર્થ, જાણુ તીર્થ લક્ષણ. "

" કામ-રાગ મદે વાળા, જાયે જે પામર નરા;
" કામિની કામિત થઇ, આંખે અંધ થાય છે. "

ક્ષમા શ્રમણ ચરણ સેવક.

**મનસુખ વિ. કીરત્ચંદ મેહેતા.**

---

## મુખશિષ્ટિ.

### મૌક્તિકદામછંદ.

ઉઠી મુખધાવન નાવન સાર, ધરો શુભ વસ્ત્ર સદા નરનાર;
મુખેથી કરો પ્રભુના ગુણગાન, ભવે લઇ જન્મ ભજો ભગવાન. ૧
કરો વશ ભકિત થકી નિજ દેવ, સજો પિતુ માતુ સુસાધુનિ સેવ;
ધરો વ્રત નિત્ય પવિત્ર ગણાય, કરો સહુ સંગત શ્રેષ્ઠ જણાય. ૨
ધરો શુભ ધર્મ સુકર્મ હમેશ, કરો ન કુકર્મ તમે લવલેશ;
મહી ન થશો મદમાં મચિ છેક, સજો સમતા તણિ તો શુભ ટેક. ૩
તજો મન મોહ મહા દુખકાર, લહો નવ લોભ લગામ લગાર;
ધરો નહિ રોષ જરા મન માંય, કરો કજિયો ન કદા કુળી માંય. ૪
વદો ન અસત્ય મુખે કદિ વાણ, તજો નિજ ધર્મ મતાન્તર તાણ;
ધરો નય[1] ધર્મ તણો બહુ ભાવ, ડરો ન સમુદ્ર ધરી પછિ નાવ. ૫

---

૧. ન્યાય.

કરો નહિ ચોરી ડરી દિલ સાથ, પુરો નહિ ખોટી કદી પણ સાખ;
કરો નહિ નીચ તણો વળી સંગ, ધરો શુભ સાહસ માંહિ ઉમંગ. ૬
ધરો જન ધીરજ નિત્ય ધરાય, સહો સુખ દુ:ખ જનોથી સહાય;
થવુ નહિ નિર્દય લેશ થવાય, જવું નહિ નીચ ગૃહે જગ માંય. ૭
કરો મન સાથ્ર વિચારથી પેર, ભરો ધન ધાન્ય તણા નિધિ[1] ઘેર;
જમો ન કનિષ્ટ[2] કદિ પકવાન, કરો નહિ મદ્ય[3] તણું કદિ પાન. ૮
ધરો નહિ શોક જરા મન સાથ, ભરો ન અસત્ય તણી વળી બાથ;
ગણો ગુણ તે ગુરૂ નિત્ય ગણાય, ભણો ભવમાં ભણતાં સુખ થાય. ૯
રચો કવિતા શિખ રૂપ ગણાય, લખો શુભ પુસ્તક જે વખણાય;
કરો વશ ઇંદ્રિય તો સુખ થાય, ક્રિયા પણ એવી કરો દુ:ખ જાય. ૧૦
સદા પરમાર્થ કરોજ અતુલ્ય, ગણો ક્ષણ કાળ ઘણોજ અમુલ્ય;
ઉદ્ધાર સુતીર્થ ઉપાશ્રય સંગ, ચણો બહુ મંદિર દેવ જિનંદ. ૧૧
હણો નવ જીવ ગણી સહુ મિત્ર, ધરો દિલ ધર્મ દયાજ પવિત્ર;
નિહાળી સુપાત્ર કરો શુભ દાન, ભણીજ સુશાસ્ત્ર ધરો બહુ જ્ઞાન. ૧૨
સદા મન માંહિ ધરો સુવિચાર, સ્વદેશ હિતેચ્છુ બનો નરનાર;
જિનેશ ભજો ભવતારણ હાર, લહો મનુ જન્મ પીતામ્બર સાર. ૧૩

**પીતામ્બર ભવાનદાસ નાવડિયા.**

# सिंहावलोकन.

આજે મારી (જૈનધર્મ પ્રકાશની) વયનું વીશમું વર્ષ શરૂ થાય છે. આ વર્ષને પ્રાંતે હવે પેહેલી વીશીમાંથી નીકળી બીજી વીશીમાં પ્રવેશ કરવાનો વખત આવશે. તે વખતે વયને યોગ્ય પ્રૌઢતાની પણ જરૂર પડશે. તેવા પ્રકારની પ્રૌઢતામાંથી અદ્યાપિ સુધીમાં મેં કેટલી પ્રૌઢતા મેળવી છે અને કેટલી બાકીમાં છે? અથવા તો કહેવાતી બાલ્યાવસ્થામાં પણ પ્રૌઢા-

1. ભંડાર. 2. હલકું; નીચ જાતિનું. 3. દારૂ.

વસ્થા યોગ્ય કાર્ય મેં કર્યું છે કે કેમ ? તે સંબંધમાં અભિપ્રાય આપવાની વાંચક વર્ગનેજ સત્તા છે. તોપણ હું તેવું સર્ટીફીકેટ મેળવવા ઇચ્છું છું એવો આ લખાણનો આશય છે ખરો. મારા લેખોનો અનુભવ મેળવનારાઓ તટસ્થપણે પોતાના વિચાર જણાવશે એમ કહેવા અગાઉ કાંઇક હુંજ મારી પાછલી સ્થિતિનું સિંહાવલોકન ન્યાયે અવલોકન કરવા ઇચ્છું છું.

આજ સુધીમાં મેં અનેક વિષયો ચર્ચ્યા છે, તેમાં પ્રાયે ગણિતાનુયોગ શિવાય ત્રણે અનુયોગ ઉપર લક્ષ આપ્યું છે, પરંતુ તેમાં દ્રવ્યાનુયોગ સંબંધી લક્ષ મારી તેમજ વાંચકવર્ગની સ્થિતિ વા યોગ્યતા અનુસાર બહુ ઓછું અપાયું છે એ તો નિઃશંસય છે. હવે પછી તે વિષયપર વધારે લેખ પ્રગટ કરવા મારા ઉત્પાદકોની ઇચ્છા વર્ત્તે છે.

કથાનુયોગને તો મેં સારો ઇનિસાફ આપ્યો છે એમ સર્વ કોઇ કબુલ કરશે; અને તેમાં મારા વાંચકો તૃપ્ત થઇ ગયા છે એમ જણાવાથીજ હમણા બે ત્રણ વર્ષથી કથા પ્રસંગ અલ્પ કરી નાંખવામાં આવેલ છે એટલે કે અઢારમા વર્ષમાં જ્યારે બે વિષય કથાના આપ્યા હતા ત્યારે ગતવર્ષમાં માત્ર એકજ આપેલ છે.

ચરણકરણાનુયોગના સંબંધમાં મુનિમાર્ગ સંબંધી વિવેચન કરવાની યોગ્યતા ન ભાસવાથી માત્ર ખાસ અણછુટકે પ્રાપ્ત થયેલા પ્રસંગો શિવાય લેખ ન લખતાં શ્રાદ્ધધર્મના સંબંધમાં અનેક પ્રકારે આજ સુધીમાં લેખો લખવામાં આવ્યા છે જેને માટે ખાસ વિવરણ કરવાની અત્ર આવશ્યકતા નથી.

પ્રશ્નોત્તરાદિ પ્રસંગે ચારે અનુયોગ તેમજ તેને લગતી અનેક બાબતો ગતવર્ષોમાં ચર્ચવામાં આવેલ છે. છેવટના એક બે વર્ષોથી તો મુનિવર્ગની કૃપા મારા સંપાદક ઉપર તેમજ મારા ઉપર વૃદ્ધિ પામવાથી તેમના હસ્ત લેખ મારી દ્વારાએ વિશેષ પ્રગટ થવા લાગ્યા છે. ગતવર્ષમાં **પન્યાસજી શ્રી ગંભીરવિજયજી** તરફથી પ્રશ્નોત્તરો અને તે સંબંધી લેખ, **મુનિરાજ શ્રી વલ્લભવિજયજી** તરફથી પ્રશ્નોત્તર અને મુનિરાજને રેલમાં બેસવાની અયોગ્યતા—ત્યાજ્યતા દર્શાવનારો લંબાણ લેખ, **મુનિરાજ શ્રી આણંદસાગરજી** તરફથી અનુયોગનો લેખ, **મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી** તરફથી ભવ્ય આત્મહિતશિક્ષા, આત્મહિતશિક્ષા અને હીરપ્રશ્ન સેનપ્રશ્ન ઉદ્ધરિત સાર તથા **મુનિરાજ શ્રી બુદ્ધિસાગરજી** તરફથી ધર્મધ્યાનાંતર્ગત પ્રથમની

છ માત્રના સંબંધી છ લેખ અને જીર્ણ ગ્રંથોદ્ધારનો લેખ ઇત્યાદિ લેખો પ્રગટ કરવાને હું ભાગ્યશાળી થયેલ છું.

અન્ય ઉછરતા લેખકોના લેખોને પણ અવકાશ આપીને તેમને ઉત્તેજન આપવાની મારી ધારણા મેં દૃશ્યમાન કરી છે

ગતવર્ષનો પ્રારંભકાળ મારા ઉત્પાદકોના અથવા તો મારી જનની શ્રી જૈનધર્મ પ્રસારક સભાના સંબંધમાં બહુ ઉદ્વેગજનક વ્યતીત થયો છે; પરંતુ એવી અસહ્ય સ્ખલનાવડે પણ સ્ખલિત ન થતાં તેમજ પાછળથી લાગેલા જનસમૂહના પ્રાણાંત શત્રુ પ્લેગના ઉપદ્રવમાં મારી જન્મભૂમિ (ભાવનગર) લગભગ ત્રણ માસ પર્યંત પીડાણી તે વખતે પણ માત્ર સહજના કાળક્ષેપ શિવાય બીજી કોઇપણ પ્રકારની ઉણપ ન આવવા દેતાં મારૂં સ્વરૂપ જેવું ને તેવું રાખ્યું છે તે ખાતે હું મારા ઉત્પાદકોનો જેટલો આભાર માનું તેટલો થોડો છે.

મને જીવન તરિકે લવાજમ આપી મારો લાભ લેનારા ગ્રાહક તરિકે ઓળખાતા સજ્જનોના નેક નામોનું લીસ્ટ ભસ્મીભૂત થયા છતાં '**શુદ્ધ દાનતને દૈવ સહાય કરે છે**' તે કહેવત પ્રમાણે મારા ઉપભોકતાના નામોનો સંગ્રહ જેવો ને તેવો થઇ શકયો છે. એટલુંજ નહીં પણ મારા પ્રબંધકારકોના પ્રયાસથી તેવા ઉપજીવિકોની સંખ્યામાં ઉલટી વૃદ્ધિ થઇ છે.

ગતવર્ષમાં એકંદર (૫૨) વિષયોરૂપ જુદા જુદા સ્વરૂપે મેં દેખાવ આપ્યો છે. જેમાં આઠ વિષય પદ્યમાં અને બાકીના ગદ્યમાં આપેલા છે. ખાસ કરીને જૈન કોન્ફરન્સ અને બનારસ પાઠશાળાના સંબંધમાં વિશેષ લેખ લખાયેલા છે. એ બંને કાર્ય જૈન સમુદાયના સંબંધમાં એટલા બધા ઉપયોગી છે કે દરેક જૈન બંધુઓએ તનમન અને ધનથી તે કાર્યને અથવા તે ખાતાને ઉન્નત સ્થાને લઇ જવાની આવશ્યકતા છે. આ સંબધમાં તે તે વિષયોમાં બહુ સારી રીતે સ્પષ્ટિકરણ કરાયેલું હોવાથી અત્ર વિશેષ લખવાની આવશ્યકતા નથી.

ભાવનગરમાં થયેલા પ્રતિષ્ઠામહોત્સવનું વર્ણન ઘણા વિસ્તારથી આપેલું છે, તેની ઉપયોગીતા આગળ ઉપરજ વધારે સમજી શકાય તેમ છે. પ્રબોધ અને યુવાનોને ગ્રાહ્ય સન્માર્ગ આ બંને વિષયો વારંવાર વિચારવા યોગ્ય છે. મુખ પૃષ્ટ પરના શ્લોકના એક અંગ તરિકે પ્રબોધનો વિષય લખાયેલો છે. હજી એ શ્લોકનો બાકીનો વિભાગ જુદા વિષય તરિકે પ્રદર્શિત કરી તે શ્લોકની પૂર્ણ મહત્વતા બતાવવાની છે. જૈન વિદ્વાન મી. વીરચંદ રાઘવજી

એ લંડનમાં આપેલા ભાષણનું ભાષાંતર પણ ખાસ ઉપયોગી સમજી દાખલ કરેલું છે. ઘણા વિષયો વિસ્તારવાળા આપવામાં આવ્યા છે. ટુંકા ટુંકા વિષયો આપી લેખોની સંખ્યામાં વધારો કરવાનો વિચાર રાખ્યો નથી. વર્ત્તમાન સમાચાર અને વર્તમાન ચર્ચાના મથાળા નીચે ઘણી ઉપયોગી અને જાણવા લાયક હકીકતો આપેલી છે. ટુંકામાં બનતી રીતે પૂરી કાળજીથી મારા દેહને શોભાવવામાં મારા ઉત્પાદકોએ પૂરતો શ્રમ લીધો છે અને અવિચ્છીન્ન રીતે બાર માસના બારે અંક સમાન સ્થિતિના બહાર પાડ્યા છે.

વિષયો સંબંધી સિંહાવલોકન ન્યાયે પૂર્વ સ્થિતિ જોયા પછી બીજી બાબતમાં સિંહાવલોકન કરતાં ગત વર્ષમાં આખી જૈન કોમ્યુનીટી તેમજ અમારી સભાએ મહાન્ પુરૂષ **શેઠ ફકીરચંદ પ્રેમચંદ**ના અકસ્માત મૃત્યુથી એક અમૂલ્ય રત્ન ખોયું છે, જેની ખોટ પુરાવી ઘણી મુસ્કેલ છે. એમના પંચત્વ પામવાથી થયેલ ખેદ અમે અહીં દર્શાવ્યા શિવાય રહી શકતા નથી. બીજા એક ધર્માર્થ સભાસદ **ઝવેરભાઇ ડાહ્યાભાઇ** ઘોલેરા નિવાસીની પણ અમને ખામી આવી છે અને મુનિવર્ગ તરફ દૃષ્ટિ કરતાં **મુનિરાજશ્રી દુર્લભવિજયજી**ના સ્વર્ગ ગમનને પણ અમે સંભાર્યા શિવાય રહી શકતા નથી. જગતના વિનશ્વર સ્વભાવ પાસે મનુષ્યનું કાંઇપણ બળ નથી, કર્મની સ્થિતિમાં ફેરફાર કરવાને કોઇ સમર્થ નથી, તેથી બીજો કાંઇપણ વિચાર કરવો નિરર્થક સમજી આવી અસહ્ય અને અનિવાર્ય ખામી પણ સહન કરવી પડી છે.

હર્ષ શોકના અનેક નિમિત્ત જેમ સંસારી જીવોને ક્રમેક્રમે આવ્યા કરે છે તેમ મને પણ તેવા નિમિત્તોના ભોગ થવું પડયું છે અને પડે છે, પરંતુ કાંઇક મારા જન્મ નક્ષત્રનું બળ હોવાથી, કાંઇક મારી આયુસ્થિતિ દીર્ઘ તેમજ બળવત્તર હોવાથી તેમજ કાંઇક મારા ઉત્પાદકો નિઃસ્વાર્થી તેમજ સતત ઉદ્યોગી હોવાથી મારે અનેક આપત્તિમાંથી પસાર થવું પડે છે તે પણ મને કોઇ પણ પ્રકારનો ઉપક્રમ અદ્યાપિ અસર કરી શકેલ નથી. તેજ પ્રમાણે પરમાત્માની કૃપાથી હજુ દીર્ઘ કાળ પર્યંત મને પ્રગટ કરી જૈન વર્ગની યથાશકિત સેવા બજાવવાના ઇચ્છક મારા પ્રસિદ્ધ કર્ત્તાઓના સતત પ્રયાસવડે હું દિનપરદિન સારા સારા વિષયો રૂપ શૃંગારવડે મારા દેહને દીપાવીશ અને મને ગ્રહણ કરનારના હસ્તનેજ નહીં પણ તેમના આત્માને પણ પ્રસન્ન કરીશ.

જૈન વર્ગમાં લેખકોની સંખ્યા બહુજ ઓછી છે અને જે છે તેમાં પણ ધર્મશાસ્ત્રના અભ્યાસીઓની સંખ્યા બહુજ જુજ છે. તેથી મને વિચિત્ર ચિત્રવડે ચિત્રિત કરનાર ચિત્રકારો મળી શકતા નથી. તોપણ જેઓ એવા ઉપનામને યોગ્ય હોય તેમણે પોતાની લેખિનીને જૈનવર્ગના હિતકારી કાર્ય તરફ દોરાવા પ્રેરણા કરવી. જે પ્રેરણાને પરિણામે વિદ્વત્તા ભરેલા લેખો લખી તેને મારા અંગીભૂત બનાવવા ચુકવું નહીં; એવી મારી તેમના પ્રત્યે નમ્ર પ્રાર્થના છે.

ગત વર્ષના સંબંધમાં યત્ કિંચિત્ આત્માવલોકન કરી, મારા હૃદયની શેષ ઉર્મીઓ સંક્ષેપમાં જણાવી, હર્ષ શોકના પ્રસંગમાં સમભાવે રહેવાનું સૂચવી, હું હવે મારી પહેલી વીશી પૂર્ણ કરવાના ઉમંગથી હર્ષભેર આગળ વધું છું; તે સાથે શુદ્ધ અંતઃકરણથી ઇચ્છુંછું કે મારી જનની શ્રી જૈનધર્મ પ્રસારક સભાની શુભ નેમો પરમાત્માની કૃપાથી પાર પડો. અવિચ્છિનપણે શુભકાર્યોમાં આગળ વધવા અધિષ્ટાયક દેવો તેને સહાયક થાઓ અને મારા તેમજ તેના આયુષ્યમાં જૈન સમુદાયની શુભ આશિષવડે અભિવૃદ્ધિ થાઓ.

તથાસ્તુ.

---

# ધનપાલ.

**ભોજરાજાની** સભામાં ઘણા વિદ્વાનો હતા, તેમાં **ધનપાળ** કવિ પણ એક પ્રખ્યાત વિદ્વાન્ હતા. તે પ્રથમ મિથ્યા દૃષ્ટિ હતા; પરંતુ પાછળથી તેમના બંધુ **શોભનમુનિના** ઉપદેશથી જૈન થયા હતા. તેમની કથા **શ્રી આત્મ પ્રબોધ** ગ્રંથમાં સમ્યક્તની છ પ્રકારની યતના ઉપર આપેલી છે, તે ઘણી રસીક તેમજ ઉપયોગી જણાવાથી અહીં દાખલ કરી છે.

સમકિતની છ પ્રકારની યતનાનું સ્વરૂપ આ પ્રમાણે છે. સમકિત દૃષ્ટિ જીવે મિથ્યાત્વીઓના હરિહરાદિ દેવો તેમજ પરિવ્રાજક સન્યાસી તાપસાદિ ગુરૂઓને વંદના કરવી નહીં. તેમનું બહુમાન કરવું નહીં. તેમની સાથે આલાપ સંલાપ કરવો નહીં તેમજ તેમને અનુકંપાના કારણ શિવાય અશનપાનાદિ ચાર પ્રકારનો આહાર તથા વસ્ત્ર પાત્રાદિ આપવું નહીં. અનુકંપાના કારણસર તો સર્વને આપવાની છુટ છે. આ પ્રમાણે નહીં કરવાનું

કારણ એ છે કે-તેમ કરવાથી પોતાને તેમજ પરને સમ્યક્ત્વ ગુણની હાની થાય છે અને મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. પરતીર્થીઓના દેવોની તેમજ તેમણે ગ્રહણ કરેલી અરિહંત પ્રતિમાની પણ પૂજાદિકને નિમિત્તે ગંધ પુષ્પાદિ પદાર્થો સમ્યગ્દ્રષ્ટિએ મોકલવા નહીં. તેમજ તેમના વિનય, વૈયા વચ્ચ, યાત્રા, સ્નાત્રાદિ પણ કરવા નહીં તેમ કરવાથી મિથ્યાત્વને સ્થિર કરવાપણું થાય છે. તેથી તે વર્જવાં. આ પ્રમાણે વર્તતા મનુષ્યો **ભોજરાજાના** પુરોહિત **ધનપાળ** ની જેમ સમકિતનું અતિક્રમણ કરતા નથી.

અવંતીપુરીમાં **સર્વધર** નામે ભોજરાજાનો પુરોહિત વસતો હતો. તેને **ધનપાળ** ને **શોભન** નામે બે પુત્રો હતા. તેઓ પાંડિત્યાદિ ગુણ યુક્ત હોવાથી રાજાને ઘણા માનનીય થયા હતા. એકદા તે નગરીમાં **સિદ્ધસેનાચાર્યના** સંતાનીયા **શ્રી સુસ્થિતાચાર્ય** ઘણા ભવ્ય જનોને પ્રતિબોધ કરવાને માટે પધાર્યા. તેમની પાસે વારંવાર જવા આવવાથી સર્વધર પુરોહિતને તેમની સાથે પ્રીતિ થઇ. એકાદા તેણે ગુરૂને પૂછ્યું-" હે સ્વામિન્! મારા ઘરના આંગણામાં પૂર્વે મારા વડીલોએ કોટી દ્રવ્ય દાટેલું છે તે મેં ઘણી રીતે શોધ્યું પણ તેનો પત્તો લાગતો નથી, તો તેની પ્રાપ્તિ શી રીતે થઇ શકે તે કહો." ગુરૂએ કાંઇક હસીને કહ્યું-"જો તે દ્રવ્ય તને મળે તો શું કર ? " સર્વ ધરે કહ્યું-" સ્વામી! અર્ધું આપને આપું." ગુરૂમહારાજે તેને ઘેર જઇને કોઇક પ્રયોગવડે તત્કાળ તેનું સર્વ દ્રવ્ય પ્રગટ કરી બતાવ્યું. સર્વધરે તરતજ તે દ્રવ્યના બે ઢગલા કરીને ગુરૂ મહારાજને વિજ્ઞપ્તિ કરી-'સ્વામી ! અર્ધ દ્રવ્ય ગ્રહણ કરો.' ગુરૂએ કહ્યુ-'દ્રવ્યવડે અમારે કાંઈ પણ પ્રયોજન નથી, આવું દ્રવ્ય તો અમારે ઘણું હતું તેનો અમે ત્યાગ કરેલો છે.' વિપ્રે કહ્યું-'ત્યારે તમે શી રીતે અર્ધની યાચના કરો છો?' ગુરૂ બોલ્યા-' તારા ઘરના સારનું અર્ધ આપ.' તેણે કહ્યું-' મારા ઘરમાં આ દ્રવ્ય ઉપરાંત બીજું સારભૂત શું છે? ' ગુરૂએ કહ્યું-' તારા ઘરમાં સારભૂત બે પુત્રો છે, તેમાંથી એક પુત્ર આપ. ગુરૂનું આ વચન સાંભળીને વિપ્રને ઘણો ખેદ થયો. એટલે તે મૌન ધરી રહ્યો, કાંઇ પણ ઉત્તર આપ્યો નહીં, ગુરૂએ અન્યત્ર વિહાર કર્યો.

પેલો વિપ્ર ગુરૂ મહારાજના ઉપકારને સંભારતો તેનો પ્રત્યુપકાર કરવાને અશક્ત હોવાથી શલ્ય પીડિતની જેમ દુઃખી સ્થિતિમાં કાળ નિર્ગમન કરવા લાગ્યો. કેટલેક કાળે તે વ્યાધિ ગ્રસ્ત થયો. સ્થિતિ વધારે ખરાબ

જણાવાથી તેના પુત્રોએ તેની અંત્યાવસ્થા યોગ્ય સર્વ ક્રિયાએ કરી. પરંતુ પોતાના પિતાને કોઇ પણ મન સંબંધી દુઃખે પીડાતા દેખીને તેમણે પૂછયું. "હે પિતા! તમારા ચિત્તમાં જે હોય તે કહો." તેના પિતાએ પાછળનું સર્વ વૃત્તાંત કહી સંભળાવીને કહ્યું-'હે પુત્રો તમારા બેમાંથી એક ચારિત્ર ગ્રહણ કરીને મને અનૃણી કરો.' પિતાના આવાં વચન સાંભળીને ધનપાળ તો ભય પામેલાની જેમ નીચું જોઈ રહ્યો. ત્યારે શોભને કહ્યું-'હે તાત! હું દીક્ષા ગ્રહણ કરીશ. તમે અનૃણી થાઓ અને મનમાં પરમાનંદ ધારણ કરો.' પુત્રનાં આવાં વચન સાંભળીને સર્વધરને નિવૃત્તિ થઇ અને તે મૃત્યુ પામ્યો.

શોભને મરણ સંબંધી ક્રિયા કરીને **શ્રી વર્દ્ધમાનસૂરિ**ના શિષ્ય **શ્રી જિનેશ્વરસૂરિ** પાસે જઇ દીક્ષા ગ્રહણ કરી. ધનપાળ રૂષ્ટમાન થયો સતો તે દિવસથી જૈન ધર્મનો દ્વેષી થયો, તેથી અવંતીમાં જૈન મુનિના આગમનનો પણ તેણે નિષેધ કરાવ્યો. તે વાતની શ્રી સંઘને ખબર પડતાં ત્યાંના સંઘે ગુરૂ મહારાજ ઉપર પત્ર લખી આ પ્રમાણે નિવેદન કર્યું. "હે સ્વામી! જો શોભનને દીક્ષા આપી ન હોત તો ગચ્છ શૂન્ય થઇ ન જાત, કેમકે ગચ્છને તો રત્નાકરની ઉપમા છે. શોભનને દીક્ષા આપવાથી તેનો ભાઇ ધનપાળ પુરોહિત મિથ્યામતિ હોવાથી રૂષ્ટમાન થયો સતો ઘણી ધર્મહાની કરેછે."

આ પ્રમાણેનો વૃત્તાંત જાણીને આચાર્યે શોભન મુનિ ગીતાર્થ થયેલ હોવાથી શુભ દિવસે તેમને વાંચનાચાર્ય કરી બે મુનિઓ સહિત ધનપાળ કૃત ઉપદ્રવની શાંતિને માટે ઉજ્જયિની તરફ મોકલ્યા; શોભનાચાર્ય પણ ગુરૂની આજ્ઞા થવાથી ત્યાંથી વિહાર કરી અનુક્રમે ઉજ્જયિની આવ્યા. તે વખતે નગરના દરવાજા બંધ થયેલા જોઈ રાત્રે નગરની બહારજ રહ્યા પ્રભાતે પ્રતિક્રમણ કરીને નગરમાં પ્રવેશ કરે છે, તેવોજ **ધનપાળ** સામો મળ્યો. જૈનધર્મના દ્વેષી એવા તેણે શોભનમુનિને ન ઓળખવાથી આ પ્રમાણેનું ઉપહાસ્ય વચન કહ્યું-" **गर्दभदंत भदंत नमस्ते** ". ગધેડા જેવા દાંતવાળા હે ભગવંત! તમને નમસ્કાર છે." આ પ્રમાણેનું વચન સાંભળીને **શોભનાચાર્ય** તેને ઓળખ્યા છતાં તેની ઉક્તિને યોગ્યજ પ્રતિવચન બોલ્યા **कपिवृषणास्य वयस्य सुखंते** " વાંદરાના વૃષણ જેવા મુખવાળા હે મિત્ર! તમે સુખી છો ?" આ વચન સાંભળીને વળી ધન-

પાળ બોલ્યો-कुत्र भवेद् भवदीय निवासः "તમારો નિવાસ ક્યાં થશે? શોભનાચાર્યે કહ્યું-यत्र भवेद् भवदीय निवासः " જ્યાં તમારૂં ઘર છે ત્યાં." આ પ્રમાણેના વચનથી ધનપાળે તેમને પોતાના ભાઇ તરીકે ઓળખ્યા, તેથી લજ્જા પામ્યો સતો કાંઇ કામને માટે બહાર ગયો. શોભનાચાર્યે તો નગરમાં પ્રવેશ કરી દરેક ચૈત્યે જિનવંદન કર્યું. પછી જેવા ચૈત્યની બહાર નીકળે છે, તેવામાં આખો સંઘ એકઠો થઇને ગુરૂના ચરણકમળ પ્રત્યે નમસ્કાર કરી આગળ બેઠો. શોભનાચાર્યે શોભન વાણીવડે ધર્મ દેશના આપી, પછી સંઘ સહિત ભાઇને ઘેર ગયા.

ધનપાળે સામા આવી પરમ વિનયથી પ્રણામ કરી રમણિક ચિત્રશાળા રહેવા આપી. પછી ધનપાળની માતા તથા સ્ત્રી વિગેરે તેમને માટે રસોઇ કરવા લાગ્યા, તેમનું શોભનાચાર્યે નિવારણ કર્યું. કારણ કે આધાકર્મી આહાર સાધુને અગ્રાહ્ય છે એવી ગુરૂમહારાજની આજ્ઞાનું તેમને સ્મરણ હતું. પછી શોભનાચાર્યની આજ્ઞાથી સાથેના બે સાધુઓ શ્રદ્ધાળુ શ્રાવકને ઘેરથી આહાર લેવા ચાલ્યા, એટલે ધનપાળ પણ તેમની સાથે ગયો. તે અવસરે કોઇ શ્રદ્ધાળુને ઘરે કોઇક નિર્ધન શ્રાવિકાએ સાધુની પાસે દધિનું ભાંડ મૂક્યું. ત્યારે સાધુઓએ પૂછ્યું-'આ દહીં યોગ્ય છે?' તેણી બોલી-'ત્રણ દિવસનું છે.' મુનિ બોલ્યા-'ત્યારે તો એ અયોગ્ય છે. જિનાગમમાં ત્રણ દિવસનું દહીં વાપરવાનો નિષેધ કહેલો છે.' તે સાંભળી ધનપાળે પુછ્યું કે-'આ દહીં અયોગ્ય કેમ કહોછો?' મુનિએ કહ્યું-'તે બાબત તમારા બંધુને પૂછવું. ધનપાળ તરતજ તે દધિનું ભાંડ ઉપાડી શોભનમુનિ પાસે આવ્યો અને પૂછ્યું-આ દહીં શા કારણથી અશુદ્ધ છે? લોકોમાં તો દહીં અમૃત તુલ્ય કહેવાય છે. તે છતાં જો તમે આ દહીંમાં જીવ પડેલા બતાવો તો હું પણ શ્રાવક થઈ જાઉં; નહીં તો તમે ભોળા માણસને ઠગનારા છો, બીજું કાંઇ નથી." આવા ભાઇનાં વચનો સાંભળીને શોભનાચાર્ય બોલ્યા-" હું એમાં જીવ બતાવીશ, પણ તમારે પોતાનું વચન પાળવું પડશે." ધનપાળે તે વાત ફરીને કબુલ કર્યે સતે શોભાનાચાર્યે અળતો મંગાવી, દહીંના ભાજનનું મુખ બરાબર બંધ કરાવી, પડખે એક છીદ્ર પડાવ્યું. તે છીદ્રની ફરતો અળતો ચોપડ્યો. પછી તે ભાજનને થોડી વાર તડકે મૂકાવ્યું, એટલે પડખેના છીદ્રમાંથી નીકળી તે અળતા ઉપર આવી રહેલા દહીં જેવા શુભ્ર વર્ણના જંતુઓ પોતે જોઇ ધનપાળને બતાવ્યા. ધનપાળ પણ તે હાલતા ચાલતા

જંતુઓને જોઈ વિસ્મય પામ્યો સતો 'આ જગતમાં જૈનધર્મને ધન્ય છે' એમ વારંવાર બોલવા લાગ્યો. તેજ અવસરે તેના ચિત્તમાં તત્વ રૂચીરૂપ સમ્યકત્વ પ્રગટ થયું. એટલે તેણે ગુરૂમહારાજની પાસે સમ્યકત મૂળ બાર વ્રત અંગીકાર કર્યાં. ત્યારથી દેવ અરિહંત, ગુરૂ સુસાધુ અને ધર્મ જિનેશ્વરનો કહેલો-એ પ્રમાણે ત્રણ તત્વને પ્રમાણ કરતો અને હૃદયમાં કેવળ પંચપરમેષ્ઠિનું ધ્યાન ધરતો સતો ધનપાળ પરમ શ્રાવક થયો. અન્ય ધર્મને તો તે ચિત્તમાં પણ ન રાખતો હવો.

શોભનાચાર્ય આ પ્રમાણે ભાઇને પ્રતિબોધ પમાડીને ગુરૂમહારાજ પાસે ગયા. ધનપાળ છ યતનાવડે યતનાવાન્ હોતો સતો સુખે સુખે સમ્યક્ત્વાદિ ધર્મનું આરાધન કરતો કાળ ગમાવવા લાગ્યો.

અન્યદા કોઇ વિપ્રે ભોજ રાજાને કહ્યું 'હે મહારાજ! તમારો પુરોહિત ધનપાળ જિન વિના બીજા કોઇ દેવને નમતો નથી.' રાજાએ કહ્યું—'તેની પરિક્ષા કરશું.' એકદા ભોજરાજાએ મહાકાળેશ્વરને મંદિરે જઇ પરિવાર સહિત રૂદ્રને નમસ્કાર કર્યો. પણ ધનપાળે રૂદ્રને નમસ્કાર ન કરતાં પોતાના હાથની વીંટીમાં રહેલા જિનબિંબનેજ નમસ્કાર કર્યો. ભોજરાજાએ તે વાત જાણી.

એકદા ધૂપ પુષ્પાદિ પૂજાની સામગ્રી મંગાવીને ભોજરાજાએ ધનપાળને આ પ્રમાણે હુકમ કર્યો કે-હે ધનપાળ! દેવપૂજા કરીને શીઘ્ર આવ. રાજાની આજ્ઞાથી ધનપાળ પૂજાની સર્વે સામગ્રી લઇને તરતજ દેવપૂજા કરવા ચાલ્યો.

(અપૂર્ણ.)

---

# "શ્રી તીર્થયાત્રા દિગ્ દર્શન."

જે આ ભીષણ ભવોદધિથી તારે-પાર ઉતારે, અથવા જેના આલંબનથી ભવ્ય પ્રાણીઓ આ પ્રત્યક્ષ અનુભવાતાં, જન્મ જરા અને મૃત્યુરૂપી અથવા આધિ વ્યાધિ અને ઉપાધિરૂપી અથવા સંયોગ, વિયોગજન્ય, મહા દુઃખ દાવાનળથી પચાતા આ ભવ વનનો પાર પામી શકે છે, તે તીર્થ કહેવાય છે. તે તીર્થ લૌકિક અને લોકોત્તર બે પ્રકારે છે. તેમાં લૌકિક ગણાતાં ૬૮ તીર્થો અજ્ઞાન અને અવિવેક પ્રધાન હોઇ પ્રાયઃ બાહ્યશૌચ ધારી જનો સેવિત હો-

વાથી તેમજ રાગદ્વેષ અને મોહરૂપ મહા મોટા ત્રિદોષ દૂષિત દેવાધિષ્ઠિત હોવાથી અને ચિત્તશુદ્ધિ કરવાને બદલે ઉલટા મલીનતા જનક હોવાથી નિષ્કામી મોક્ષાર્થી સમ્યગ્ દૃષ્ટિઓને તજવા યોગ્ય છે; સેવવા યોગ્ય નથી. લોકોત્તર તીર્થ સ્થાવર અને જંગમ ભેદે કરી બે પ્રકારના છે. જેનો ટુંકાણમાં હેવાલ તીર્થવંદન માળામાં આપેલ છે. સંકલેશને ઉત્પન કરનાર રાગ, શમરૂપ ઇંધનને બાળવા અગ્નિ સમાન દ્વેષ અને સમ્યગ્ જ્ઞાનને આચ્છાદન કરનાર તેમજ અશુદ્ધ આચરણને કરાવનાર મોહ, આ ત્રણે મહા દોષોનું જેઓએ મૂળથી નિકંદન કર્યું છે તેવા અરિહંત દેવાધિદેવ તેમજ તે અરિહંત મહારાજના અંતેવાસી ગણધર મહારાજ આદિ સમસ્ત ( આજ્ઞાધારી ) સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ શ્રીસંઘ અર્થાત્ શ્રીદ્વાદશાંગી ધારક, ચૌદ અથવા દશ અથવા એકાદિ પૂર્વધર, એકાદશાંગધાર તેમજ અષ્ટપ્રવચન માતાના ધારક, પંચાચાર કુશળ, યુગપ્રધાન, આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવીર અને ગણાવચ્છેદક તથા રત્નાધિક તથા વિચિત્ર લબ્ધિપાત્ર મુનિવરો, વિચિત્ર તપ અભિગ્રહધારી મુનિવરો, જ્ઞાની, ધ્યાની, મૌની મુનિવરો તથા વિનય વૈયાવચ્ચાદિક ઉત્તમ ગુણ ગણાલંકૃત ગાત્ર શ્રમણ સમુદાય, તેમજ પ્રવર્તની આદિક ગુણશાળી સાહુણી ( સાધ્વી ) સમુદાય, તથા અક્ષુદ્રાદિક અનેક ગુણ વિભૂષિત, શ્રાદ્ધવ્રતધારી, સચિત્તાદિક ૧૪ નિયમધારી, યાવત્ સચિત્ત પરિહારી, નિત્ય એકાશનાદિક વ્રતકારી, ઉભયટંક આવશ્યકકારી. ત્રિકાળદેવ પૂજાકારી, શમ, સંવેગ નિર્વેદ, અનુકંપા અને આસ્તિકતાદિક સમ્યકત્વ અનુકૂલ લક્ષણ લક્ષિત, તેમજ તીર્થ સેવાદિક ઉત્તમ ભૂષણ ભૂષિતાંગ, શંકાદિક દૂષણ વર્જિત ચઉવિહ સદ્દહણા, ત્રણલિંગ તેમજ ત્રણ શુદ્ધિ સહિત, ભકિત બહુ માનાદિકથી અરિહંતાદિકનો વિનય સાચવનાર, શાસન પ્રભાવના કારક છવ્વિહજયણાને પાલનાર, ખાસ કારણ પડેજ છ પ્રકારના આગારનો ઉપયોગ કરનાર તથા સમ્યકત્વના ૬ ઠાણા ને સ્પર્શનાર એમ સમ્યક્ત્વ સુરમણિના ધારક તેમજ વિવેક પૂર્વક શ્રાવકઉચિત મર્યાદા-૫ અનુવ્રતો, ૩ ગુણવ્રતો અને ૪ શિક્ષાવ્રતો એવં ૧૨ વ્રતધારી, પૂર્ણાકીનથી શ્રી તીર્થંકર, અને નિર્ગ્રંથ પ્રવચનને આરાધવાના અભિલાષી, સુશીલ, ન્યાયમતિ, નીતિનિપુણ, વ્યવહાર કુશળ, અતિઆરંભ ક્રિયાના ત્યાગી, સંતોષી, ધીર, વીર, ગંભીર હોઇ શાસનની ઉન્નતિ કરવા ઉત્સુક તેમજ પ્રાસંગિક મલીનતા, ઉડ્ડાહ દૂર કરવા ઉજમાળ, હમેશાં ઉચિત આચરણા

ચતુર, સ્વસમાચારી કુશળ, સુપાત્ર પોષક, મિથ્યામતિ મદશોષક, વિવેક સંપન્ન, સંસારને નારક ચારક જેવોજ લેખી તેને જળાંજળી દેવા તૈયાર થઇ તક જોઇ રહેનાર, નિરંતર નવસરા હારની પેરે નવ પદનું ધ્યાન હૈયેથો નહિં વિસરનાર, અવસાન વખતે વધારે વધારે સાવચેતી રાખનાર, નિરતર સ્વપર હિત ભણી લક્ષ્ય રાખી રહેનાર, કૃતજ્ઞ, દયાર્દ્રદીલ, લજ્જાશીલ, દાક્ષિણ્યવંત, મધ્યસ્થ, લોકપ્રિય, અને શિષ્ટાચાર પ્રમાણે ઉપયોગથી વર્તનાર સુશ્રાવક અને શ્રાવિકાનો સમુદાય એ સર્વ **જંગમતીર્થ** કહેવાય. કેમકે ગંગા નદીના પ્રવાહની જેવા પવિત્ર આશયને ધરનારા તેઓ પૃથ્વી તળપર ઠામ ઠામ પોતાના ચરણ ન્યાસથી પોતાના સમાગમમાં આવનાર ભવ્યજીવોને પાવન ( પવિત્ર-નિર્મળ ) કરે છે. જગતના દારિદ્રને જંગમતીર્થ અનેકશઃ અપહરે છે અને મંગળલીલા વિસ્તારે છે.

ઉત્તમ ગુણરૂપી રત્નોના સ્થાનરૂપ શ્રી તીર્થંકરના જ્યાં ચ્યવન, જન્મ, દીક્ષા, જ્ઞાન અને નિર્વાણરૂપ પાંચ કલ્યાણકો થાય તથા જ્યાં જ્યાં ગુણમય તેઓનું દીક્ષા લેઇ વિહારક્રમે રહેવું થાય તે તે ભૂમિ પ્રભુના પવિત્ર ચરણ ન્યાસથી પાવન થયેલી હોવાથી તેમજ મોક્ષાર્થી ભવ્યોને પ્રભુના ઉપગારની સ્મૃતિના કારણ-સાધનરૂપ હોવાથી તે **સ્થાવરતીર્થ** કહેવાય છે. અથવા જ્યાં પ્રભુના મુખ્ય અંતેવાસી ગણધર આદિક આચાર્ય પ્રમુખ મુમુક્ષુ વર્ગનું સિદ્ધિગમન એક કે અનેક વખત થયું છે, થાય છે કે થશે તે ભૂમિ પણ સ્થાવર તીર્થરૂપ ગણાય છે.

જંગમતીર્થ અને સ્થાવર તીર્થમાં એ વિશેષ ( ભેદ ) છે કે જંગમ તીર્થભૂત-તીર્થંકર, ગણધર તેમજ સમસ્ત તીર્થંકર સ્થાપિત તેમજ સમસ્ત ઇંદ્રાદિક પૂજિત, માન્ય ગુણરૂપી લક્ષ્મીના ક્રીડાઘર રૂપ સકળ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ-સંઘ સમુદાય જ્યાં જ્યાં વિચરે, વિચરતાં છતાં મોક્ષાર્થી જે જે ભવ્યો તે મહાભાગ્યશાળી તીર્થની સેવાનો લાભ લેવા ચાહે અને લેવા અનુકૂળ પ્રયત્ન કરે તે તે ભવ્ય સત્ત્વોને તે જંગમતીર્થ અવશ્ય પાવન ( પવિત્ર-નિર્મળ-પાપ રહિત ) કરી પંચમી ગતિ યોગ્ય કરે.

અને સ્થાવર તીર્થતો સ્થાયીજ હોવાથી જે ભવ્ય પ્રાણીઓ ખાસ ચાહીને ભવજળ તરવાની બુદ્ધિથી તે તે સ્થાવર તીર્થને પ્રવહણ તુલ્ય નિર્ધારી શુદ્ધ બુદ્ધિથી તેનું આલંબન લે છે તેઓને વિવેક પૂર્વક તે તે તીર્થાધિષ્ઠિત દેવાધિદેવની પવિત્ર મુદ્રા ( પ્રતિમા )ના દઢ અવલંબને ધ્યાન વિશુદ્ધિથી મોક્ષ પ્રાપ્તિ થાય છે. આ માટે શ્રી શત્રુંજય, ગિરનાર, અર્બુદાચળ,

તાળધ્વજ, સમેતશિખર, અષ્ટાપદ, પાવાપુરી, ચંપાપુરી, વિગેરે સ્થાવર તીર્થરૂપ ગણાય છે.

જંગમ અને સ્થાવર ઉભય તીર્થોની વિવેકથી સેવા કરનાર ભવ્ય સત્વોની શીઘ્ર અને સહેજે (અલ્પ કષ્ટે) સિદ્ધિ થાય છે અને વિવેક વિના ઘણા કષ્ટને કરનારની પણ સિદ્ધિ થવી મુસ્કેલ છે. માટે જેમ બને તેમ વિવેક રત્ન ધારવા ઉદ્યમ કરવો. ઉપાધ્યાયજી મહારાજ બતાવે છે કે—

'રવિ દુજો તીજો નયન, અંતર ભાવો પ્રકાશ;
કરો ધંધ સબ પરીહરી, એક વિવેક અભ્યાસ. ૧
રાજ ભુજંગમ વિષ હરન, ધારો મંત્ર વિવેક;
ભવ વન મૂળ ઉચ્છેદકો, વિલસે યાકી ટેક. ૨

સારાંશ એ છે કે વિવેક એ અભિનવ સૂર્ય છે, તેમજ અભિનવ લોચન છે, જે વડે આત્માની ભીતર પ્રકાશ થાય છે, જેથી અંદરની રિદ્ધિ સિદ્ધિની સુઝ પડે છે—ભાન થાય છે. તે વિના છતી વસ્તુ પણ છે એમ સમજાતી નથી. માટે અહો ભવ્યો! બીજો સર્વ ધંધ છોડી દઇ એક વિવેકનોજ અભ્યાસ કરો. એ વિવેક રાગરૂપ સર્પનું ઝેર હરવા જાંગુલી મંત્ર જેવો છે અને આખા ભવ વનનો ઉચ્છેદ કરી નાંખવા સમર્થ છે, માટે વિવેક આદરો! વિવેક આદરો! સ્વપર, જડચેતન, હિતાહિત, ઉચિત અનુચિત, ભક્ષ્ય ભક્ષ્ય, પેયાપેય, વિધિ અવિધિ, યાવત્ ગુણ દોષને જેવડે જાણી, વહેંચી, ઓળખી શકિયે તે વિવેક કહિયે, આ જીવ અનાદિ મિથ્યાવાસનાથી પર શરીર—કુટુંબ પરીવાર, લક્ષ્મી આદિક પદાર્થોમાં પોતાપણું માની રહ્યો છે, તેથી રાગનો વાહ્યો અનેક પાપારંભ કરીને પણ સંતોષ માને છે, ખુશી થાય છે. વિવેક જાગવાથી તેને મિથ્યા માની તેમાં બેસાડેલું મારાપણું ઘટવાથી રાગ પણ ઘટે છે અને તેથી પાપથી ઓસરવાનું પણ બને છે. વિવેક વિના આ જડ શરીર તે હું એમ માનતો હતો તે વિવેક પ્રગટતાં જ્ઞાન દર્શનાદિક લક્ષણવંત ચેતન દ્રવ્ય હું અને પૂરણ, ગલન સ્વભાવી શરીર તે હું નહિં, મારૂં નહિં, મારાથી ન્યારૂં તે તો પૂર્વકૃત કર્મયોગે આ ચેતનની સાથે લાગ્યું છે. તે મારૂં નથી તેથી તેમાં મમતા કરવી યોગ્ય નથી, પણ જ્ઞાન શકિતથી વિચારી મમતા વારી તેપર ત્યાગ વૈરાગ્ય ધારવા યોગ્ય છે વિવેક જાગ્યા વિના મોહ મદિરાની નીશામાં મને શું હિત-ક્ષેમ—કલ્યાણકારી છે? તેમ શું તેથી ઉલટું છે? મને શું કરવું ઉચિત? શું કરવું નહિં ઉચિત? મને શું કરવાથી સદ્ગતિ? અને શું કરવાથી દુર્ગતિ થશે? તે સમજાતું નથી અને વિવેક લોચન ખુલ્યે તે સર્વ યથાસ્થિત સમજાઇ જાય છે. ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય,

અને ગુણ દોષનું પણ સહેજે ભાન થાય છે. વિવેકી નર ઝવેરીની જેમ ગુણ રત્નને પરખી કાઢે છે અને દોષ દપદ્ (ઢેફા--પથ્થર) ને સમજી પરીહરી શકે છે. આ સર્વ વિવેકનો પ્રભાવ છે. માટેજ તેનો વિશેષે આદર કરવો કહ્યો છે. અન્ય સ્થાનમાં પૂર્વે બાળ ચાલમાં–અજ્ઞાન દશામાં કરેલાં પાપ તીર્થ સ્થાનની વિવેકથી સેવાવડે ક્ષય પામે છે. પણ તેજ તીર્થ સ્થાને અવિવેક વડે કરેલાં પાપો વજ્રલેપ જેવાં થઇ જાય છે. જે પાપો ઘણાંજ દુઃખો આપે છે; માટે તીર્થ સેવા કરવાના અભિલાષી પ્રાણીઓએ તીર્થ સેવાની રીતિ જાણવાની અને જાણીને તે પ્રમાણે બનતી કાળજીથી વર્તવાની ખાસ જરૂર છે.

પ્રથમ તો જુઓ કે આજકાલ પણ શ્રી શત્રુંજય આદિકની યાત્રા, વિધિ પૂર્વક કરવાના ખપી મનુષ્યો સ્વસ્થાનથી શ્રી સંઘ સમુદાય કે સ્વ કુટુંબ પરીવાર સાથે શાસ્ત્રમાં બતાવેલી છ(૬)રી (૧ બ્રહ્મચારી, ૨ ભૂમિ સંથારી, ૩ સચિત્ત પરિહારી, ૪ એકલહારી (એકાસણુકારી), ૫ જયણાથી પાદચારી અને ૬ ઉભય ટંક આવશ્યક (પ્રતિક્રમણ) કારી) પાલતાં પાલતાં શ્રીતીર્થપતિને ભેટે છે, તો જેને ભેટવા આવતાં આટલો ભાવ, આટલું માન, તે તીર્થરાજને ભેટી કેટલા વિશેષ ભાવ અને બહુમાનથી તેની સેવા ભક્તિ કરવી જોઇયે. અલબત વિશેષ વિશેષ પ્રકારે તપ, જપ, શીલ, સંતોષ, દયા, દાન, વ્રત, પચ્ચખાણ એ સર્વે સેવવાં જોઇએ.

જેમાનું કેટલેક દરજે આજકાલ પણ નવાણુ જાત્રા હોંશથી કરનારા કરતા દેખાય છે. જ્યારે નવાણું યાત્રા પૂરી કર્યા સુધી આવો ઉત્તમ વિવેક ધારવામાં આવે અને થોડી પણ છુટક યાત્રા કરતાં ઉચિત વિવેક પાળવામાં ન આવે તો તે કેવું ખોટુ દેખાય! ખરી રીતે પૂછો તો જ્યાં સુધી એ તીર્થરાજની સેવા કરવા માગો ત્યાં સુધી ઉચિત વિવેક આગળ કરી વર્ત્તવાની ખાસ જરૂર છે. જયણાપૂર્વક ભૂમિપર દ્રષ્ટિ સ્થાપી ચાલવું, સત્ય અને હિત તેમજ મિત કાર્ય પડતુંજ બોલવું, કર્કશ કે બીજાને ખેદ–અપ્રીતિ થાય તેવું ન બોલવું, અદત્ત તિનું કોઇનું કંઇપણ ન લેવું, મનથી વચનથી કે કાયાથી કુશીલ ન સેવવું. કેમકે ગમે તે સ્થાને તેના કટુક વિપાક કહ્યા છે તો આવા પવિત્ર સ્થાનનું તો શું કહેવું? ચક્ષુ કુશીલતા પણ ન સેવવી. તે પર લક્ષ્મણા અને રૂપી સાધ્વીનો દાખલો ભાવવો અને પોતાનું વર્તન સુધારવું. પોતાના આત્માથી જુદા દેહ, કુટુંબ, પરીવાર, લક્ષ્મી ઉપર મોહ મમત્વ મૂર્છા નહિં રાખવા, કમી કરવા, રાત્રિભોજન સર્વથા તજવું. રાગ, દ્વેષ, કલહ, ક્રોધાદિક કષાય, મિથ્યા કલંકદાન, ચાડી, સુખશીલતા, અરતિ–ખેદ, પરનિંદા, અને

માયામૃષા (રેહણી કહેણી ન્યારી) આ આદિક સર્વે પાપસ્થાનકોનો જેમ બને તેમ પરીહાર કરી શ્રી તીર્થરાજ કે તીર્થંકરાદિક નવપદના પવિત્ર ધ્યાનમાં પોતાનું ચિત્ત જોડી દેવું. તેમ યત્નથી કરવાથી અભ્યાસ બળે ચિત્તને સાક્ષાત્ ઘણું સુખ થશે. જેમ વ્યાપારી લોકો વ્યાપારમાં ટાઢ, તડકો, ભૂખ તૃષાને લેખતા નથી અથવા વીર-સુભટો જેમ સંગ્રામમાં બાણોની વૃષ્ટિને નહિં ગણકારતાં હીંમત રાખી સામા ઝુઝે છે, તેમ આવે ઉત્તમ પ્રસંગે—શ્રી તીર્થરાજ કે તીર્થંકરાદિકની ભક્તિ કરી પરભવનું સંબલ લેઇ પોતાનો આ દુર્લભ માનવદેહ સફળ કરવાની ખરી તકે સુખ લંપટ થવું, વિષયને વશ થવું, ક્રોધાદિક કષાયને આધીન થવું, તે અસંત આવતા લાભમાં અપમંગળ-વિઘ્નભૂત છે. તે વખતે તો પવિત્ર ગિરિરાજનો તથા પવિત્ર તીર્થરાજનો આશ્રય લઇને તરી ગયેલા મહા પુરૂષોના ગુણગ્રામથી સંવેગાદિક ઉત્તમ ગુણોની પુષ્ટિ કરતાં, વૈરાગ્ય રસમાં ઝીલતાં, શાંત સુખ અનુભવતાં અને કઠીણ છાતી કરી પરીષહાદિક સહન કરતાં, છઠ અઠમાદિક દુષ્કર તપ કરી, દેહ પ્રતિના ખોટા મમત્વને તજતાં અને મોહમહામલ્લની સામે નીડરપણે અડગ રહી જુઝવા પોતાનું જેટલુ બલવીર્ય હોય તેટલું ફોરવતાં અને એમ સાહસીક રીતે જગત્ માત્રના પરાભવને કરનારા મોહાદિક મહા શત્રુ સામે જયલક્ષ્મી વરતાં સુધી અખંડ રીતે લડતાં, નિરંતર નવા નવા વીર્ય ઉત્થાનથી નવી નવી વિશેષે વિશેષે શક્તિ પ્રગટ થતી જાય છે, તેમ તેમ પોતાના આરંભેલા-ધારેલા કાર્યની સિદ્ધિની ખાત્રી કરી આપે તેવો અપૂર્વ ઉત્સાહ વધતો જતો પ્રત્યક્ષ દેખાય છે. આમ પ્રથમથી પોતાની વીર્ય શક્તિ નહિં ગોપવનારા આટલી શક્તિ ખીલવી પોતાનું કાર્ય અંતે સિદ્ધ કરી શકે છે. પણ પ્રથમથીજ મંદ પરિણામને ધરનારા, શિથિલ થઇ કાયરની પેરે બોલનારા અને ચાલનારા તે શૂરવીરની પેરે પોતાનું ખરૂં ઇષ્ટ સાધી શકતા નથી.

દ્રવ્ય ખર્ચવામાં પણ વિવેકથી વર્તવાની તેટલીજ જરૂર છે. આજ કાલ કેટલાક મુગ્ધ ભાઇઓ પ્રભુના ખોળામાં કે પાટલા ઉપર ફળ નિવેદની સાથે પૈસા કે રૂપીયા ચડાવે છે, પણ તેથી બારીક તપાસ કરવામાં આવે તો ઘણીક વખત ચોરીને પુષ્ટિ અપાય છે, વળી પ્રભુની પાસે દ્રવ્યની ભેટ કરવાનો હેતુ પણ ભંડાર-દેવદ્રવ્યની વૃદ્ધિનો હોય છે તે તો પ્રાયઃ આમ કરવાથી બીલકુલ પાર પડતોજ નથી, માટે તેનો શ્રેષ્ઠ-વિવેક વાળો રસ્તો એજ છે કે તે દ્રવ્ય પ્રભુના ખોળામાં કે બીજી ખુલ્લી રીતે નહિં મૂકતાં જ્યાં

ગુપ્ત કે જાહેર ભંડાર હોય તેમાંજ નાંખવા અથવા કારખાને મંડાવી રીસીટ લેવી. તીર્થ સ્થાને પૈસાની કેટલી બધી અને કેવી કેવી ચોરીઓ થાય છે તે બાપડા જાત્રાળુઓ જાણુતા પણ નથી હોતા તો તેમને જાણ થવા માટે અમે પ્રત્યક્ષ અનુભવી આ વાત જાહેર કરી છે કે પ્રભુ પાસે દ્રવ્ય જાહેર બહાર નહિ મૂકતાં ભંડારમાંજ નાંખવાની ટેવ રાખવી તેમજ બીજા ભાઇઓ, બહેનો, પુત્ર પુત્રીયો, માતાપિતાઓ વિગેરે સંબંધીઓને પણ એમજ કરવા સમજાવવું. ખરૂં પૂછો તો આપણા અવિવેકનું ફળ આપણુનેજ ભોગવવું પડે છે. પૈસાના લોભથી પ્રાણી કંઇક અનર્થ કરે છે, તેમજ પૈસા મેળવીને પણ અજ્ઞાની મદોન્મત્ત બની પોતાના સ્વામીનો પણ દ્રોહ કરવા દોડે છે. આવા નીચ લોકોને પોષવા તે એક જાતના પાપને પોષવા બરાબર છે, જો આપણા ભાઇઓ સલાહ સંપથી એકમતે કામ લેવા માગે તો સર્વ સુસ્થિત થવા સંભવ છે. અલબત કોઇની યોગ્ય આજીવિકામાં આડો પગ દેવો યોગ્ય નથીજ. પણ સર્પના દુધ પાનની બરાબર દીર્ઘ દષ્ટિથી વિચાર્યા વિના દેવાનું વગર વિચાર્યા ચલાવ્યા જવાથી અંતે આપણોજ વિનાશ થવાનો વખત આવે, માટે આવી બાબતોમાં પણ વિવેક ધારવાની ખાસ જરૂરીઆત છે.

અન્યાય રસ્તે વિવેકી એક પાઇ પણ ખરચે નહીં અને ન્યાય માર્ગે પોતાની જેટલી શકિત હોય તે ફેરવવામાં બાકી પણ રાખે નહિં. જૈનશાસનમાં ઉત્તમ સાત ક્ષેત્રો બતાવ્યા છે, તે શિવાય પણ જ્ઞાન દાન, પૌષધશાળા આદિક ધર્મ કૃત્યોમાં ઉદાર દીલથી દ્રવ્ય વાપરવાથી આવા તીર્થ સ્થાને અતુલ્ય ફળ બાંધે છે. દીન દુઃખીઆની અનુકંપા તથા સીદાતા સાધર્મી ભાઇઓને પ્રીતિથી સહાય આપી સુખી કરવા, ધર્મમાં દૃઢ કરવા એ ઉચિતજ્ઞ વિવેકી શ્રાવકોની ફરજ છે. શીલ–સદાચારમાં સુદૃઢ રહેવું. યાવત્ **સુદર્શનશેઠ** યા **વિજય શેઠ** અને **વિજયા શેઠાણી**ની પેરે ઉત્તમ પ્રકારનું શીયળવ્રત પાળવું. ગમે તેવા વિષમ સંયોગોમાં પણ ટેક ન છાંડવી જીવ જયણાને જિનશાસનમાં ધર્મની માતા જેવી ધર્મની વૃદ્ધિ કરનારી વખાણી છે, તો દરેક કાર્યમાં સાવધાનપણે વર્તી જયણા પાળવી તેને માટે મોટા મનના **કુમારપાળરાજા**નું દૃષ્ટાંત લેવું કે જેણે પવિત્ર ધર્મની પરિણતિથી પોતાના ૧૮ દેશોમાં અમાર પડહ વર્તાવ્યો, તેમજ બીજા કેટલાક દેશોમાં પણ મિત્રતા, બળ તેમજ ધનને બળે એમ અનેક રીતે ન્યાય યુકિતવર્તી જયણા વર્તાવી અસંખ્ય જીવોના આશીર્વાદ લીધા. શાસ-

નની પ્રભાવનામાં પણ તેજ મહારાજાનું દૃષ્ટાંત લેઇ સ્વશક્તિ ફેરવવી. જ્યારે સમજદાર અન્યદર્શનીઓ પણ એક અવાજે પવિત્ર શાસનનો મહિમા ગાય એવું સદ્વર્તન શાસ્ત્ર અનુસરી કરીએ, ત્યારે શાસન પ્રભાવના કરી કહેવાય.

શ્રીવીતરાગ દેવના શાસનના રસીયા શ્રાવક અને શ્રાવિકાના સમુદાયને નિર્મળ બોધ આપવાનો જેમનો આચાર છે એવા સાધુ અને સાધ્વી વર્ગને પણ પોત પોતાના પવિત્ર આચારોને બહુજ દૃઢ રીતે સાચવી રહેવું જોઇએ એવા વિવેકવંત સાધુ સાધ્વીઓથી પવિત્ર તીર્થમાં ભવ્ય પ્રાણીઓને જેવો લાભ થાય તેવો મંદ પરિણામી અને શિથિલાચારીઓથી થઇ શકે નહિં. ભ્રષ્ટાચારીઓથી તો ઉલટો શાસનનો ઉડ્ડાહજ થાય માટે એવા ભ્રષ્ટાચારી જડ ભક્તોને કોઇ રીતે પોષવા યોગ્ય નથીજ. સાધ્વીઓએ સર્વત્ર અને તીર્થ સ્થળમાં વિશેષે કરી ક્ષમા, મૃદુતા, સરલતા, નિર્લોભતા, નિર્મમતા (ઇચ્છાનિરોધ) સહિત ઉત્તમ પ્રકારે સંયમ પાળતા વિચરવું જોઇએ કેમકે તેઓના પવિત્ર આચારને દેખીને ઘણા જીવો ધર્મ પામે છે, અને અનુમોદના કરે છે. પણ જો આચાર ભ્રષ્ટ હોવાથી કેવળ વેષ વિડંબક થઇ રહેતા હોય છે તો સર્વે કોઇના હાંસી અને નિંદા પાત્ર થાય છે. ઉલટા અપમાન પામે છે અને શાસનની મલીનતા કરવાના કારણિક થવાથી પરભવમાં પણ બહુ દુઃખી થાય છે. માટે દંભતજી નિર્દંભપણે સાચી અને પવિત્ર જૈની ક્રિયા સાચા મન, વચન અને કાયાથી સેવવી યોગ્ય છે. જેથી સ્વપરને લાભ, પવિત્ર શાસનની ઉન્નતિ, આ લોકમાં પ્રત્યક્ષ બહુમાન અને પરભવમાં ઇંદ્રાદિકની રિદ્ધી પામી મોક્ષ સુખ પામે. આવું અનુપમ સુખ મૂકી કોણ મૂઢ દુર્મતિ કિંચિત્ માત્ર વિષય સુખમાં ગૃદ્ધ-આસક્ત થઇ પોતાનું અને પરનું બગાડી પરમાધામીના માર માગે ?

વળી આ જીવ અનાદિ કાળથી સુખનો અર્થી છતાં સુખ પામવા-સાધવાના ખરે અવસરે તુચ્છ ક્ષણિક સુખમાં લોભાઇ જઇ ધર્મ સાધનથી ભ્રષ્ટ થાય તો પછી તેના કરતાં નિર્ભાગી બીજો કોણ? આતો "**લગ્ન વેળા ગઇ ઉંઘમાં, પછી વર પસ્તાય;**" તે વાળો ઘાટ બને છે. માટે ખરા સુખના અર્થી જીવોએ બરાબર ચેતીને ચાલવાની જરૂર છે. બીજું તમે પોતે સુખશીલ થઇ ધર્મ સાધનામાં બેદરકાર થશો તો પછી તમારી નકલ કરનાર તમારી સંતતિ (શિષ્ય પ્રશિષ્ય પુત્ર પરિવાર) શી રીતે ખરો રસ્તો સમજશે કે શીખશે? ખરો રસ્તો સમજ્યા કે શીખ્યા વિના તેને કેમ આદરી શકશે ? ખરો રસ્તો આદર્યાવિના સુખી પણ શી રીતે થશે ? આમ તે બાપડાઓને ખરા સુખમાં વિઘ્ન કરવામાં ખરા કારણિક

કોણ? તમારે કબુલ કરવું પડશે કે તમે પોતેજ. તો પછી તમે તેના હિતસ્વી કે શત્રુ? હું કાણુમાં તમે તમારૂં પોતાનું અને તમારી સંતતિનું કે પવિત્ર શાસનનું ભલું ઇચ્છતા હો તો ઇંદ્રજાળ જેવા ખોટા વિષય સુખથી વિમુખ થઇ, મહા દુઃખદાયી દોષોને દૂર કરી તમે પોતેજ પહેલાં બરાબર સુધરવા-ગુણ ધારવા ખપ કરો-અભ્યાસ કરો અને પછી તમારી સંતતિને સુધારવા પ્રયત્ન કરો. કોઇ પોતે તો બેધડક વ્યભિચાર સેવે અને બીજાને બ્રહ્મચર્ય પાલવા ઉપદેશ દે તે શું લાગે? નજ લાગે; પણ પોતે શીલ સંતોષાદિક ઉત્તમગુણ ધારી તેવાજ ઉત્તમગુણો ધારવા પોતાની સંતતિને યા બીજા યોગ્ય ભવ્ય પ્રાણીઓને ઉપદિશે, તો હું માનું છું કે તે અલ્પ પ્રયાસે સફળ થાય. અરે વિના ઉપદેશે પણ કેટલાક ગુણગ્રાહી વીરનરો તો તેવા સુશીલ ધર્મા ત્માઓથી સહેજે તેનું જોઇ શીખી લે.

આવા પવિત્ર ગુણધારી સાધુ, સાધ્વી. શ્રાવક અને શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘનું દર્શન માત્ર કરી ભવ્ય ચકોરો તીર્થ યાત્રાનું ફળ મેળવે, તો પછી તેવા ગુણ રત્નોના નિધાનરૂપ શ્રી-સંઘની ભક્તિ, પૂજા-સત્કાર સન્માન કરનારનું તો કહેવુંજ શું? તેવા વિવેકી નર રત્નો તો થોડાજ સમયમાં સર્વ અઘ (પાપ)ને દૂર કરી નિર્મળ થઇ પવિત્ર રત્નત્રયી પામી-આરાધી મોક્ષપદ પામે છે. જે જે તીર્થંકરો થાય છે તે સર્વે આ તીર્થ આદિ વિશ સ્થાનકોમાંના સર્વે કે એકાદિક સ્થાનકને આરાધીનેજ **તીર્થંકર નામકર્મ** નીકાચે છે. માટે સર્વ પાપોને પખાળી પરમપવિત્ર કરનાર પૂર્વોક્ત જંગમ અને સ્થાવર ઉભય તીર્થની યાત્રા તાત્વિક (ખરા) સુખના અર્થી ભાઇઓ અને બહેનોએ પવિત્ર મન. વચન અને કાયા વડે કરવી, બીજા યોગ્ય ભવ્યજીવોને તેમજ કરવા ઉપદિશવું અને એ પ્રમાણે વર્તનારાની અનુમોદન પ્રશંસાદિક દ્વારા જેટલી બને તેટલી પુષ્ટિ કરવી. એજ સમ્યક્ત્વવ્રતનું ખરેખરૂં ભૂષણ છે. ઇત્યલમ્.

મુનિ કર્પૂરવિજય.

---

## મી. અમરચંદ પી. પરમારનો પ્રવાસ, કોન્ફરન્સના સુકાનીઓને સૂચના.

બીજી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની ઇન્ટેલીજંસ, હેલ્થ એંડ વોલંટીયર કમીટીના ઓ. સેક્રેટરી **મી. અમરચંદ પી. પરમાર** હાલ કેટલાએક સમયથી રજપુતાનાની મુસાફરીએ નીકળ્યા છે. અને પોતાના વખતનો સદ્ ઉપયોગ કોન્ફરન્સના હેતુઓ પાર પાડવામાં કરી રહ્યા છે. આપણા જનરલ

સેક્રેટરી **મી. ગુલાબચંદ ઢઢ્ઢા**ના લગ્ન પ્રસંગે તેઓ ધાણેરાવ-સાદડીમાં સાથે હતા. **સાદડી** ગામમાં જૈનોની ત્રણ હજાર ઉપરાંતની વસ્તી છે, **ધાણેરાવ**માં અને **નાડોલ**માં પણ દરેક સ્થળે લગભગ પંદરસો જૈનો વસે છે. રાણપુરજી (સાદડી), ધાણેરાવ, નારલાઇ, નાડોલ અને વરકાણાજી એ પાંચ તીર્થો મળી નાની પંચતીર્થી કહેવાય છે; અને ગોલવાડમાં આવેલા ૩૬૦ ગામોમાં એ ગામો મુખ્ય ગણાય છે. **શ્રી રાણપોરજી**નો વહીવટ સાદડી ગામોના પંચો કરતા આવ્યા હતા. એ રાણપોરજીનું મંદિર ઘણુંજ મોટું છે, અને એવું દેવળ હાલમાં કોઇ પણ ઠેકાણે અસ્તિ ધરાવતું નથી. એ મંદિરની રચના એવા પ્રકારે કરવામાં આવી છે, કે જેની સુંદરતા એક વિમાન જેવી નજરે આવે છે. ધન્ય છે, તે બાંધવામાં અઢળક ધન ખરચનાર **શેઠ ધનાશાને**! એમાં ૮૪ ભોંયરાં, પાંચ શિખરો, ૨૪ સભામંડપ વિગેરે છે. અને પ્રતિમાભંડારમાં સુમારે દસહજાર ભવ્ય જૈન પ્રતિમાઓ છે.

સેવકોને પૂજારી રાખવાના સંબંધમાં કેટલાએક વરસથી ત્યાં કુસંપ ઉત્પન્ન થયો હતો, અને આખરે અમદાવાદથી **શેઠ આણંદજી કલ્યાણજી**ને નામે વહીવટ ચાલે છે, પણ ગામમાં ત્રણ તડ પડી ગયાં છે, બલકે હાલમાં ચાર તડ પડ્યાં છે, અને તેથી દેવદ્રવ્યના કામને મોટો ધકો પહોંચી રહ્યો છે.

**રાય બદ્રીદાસજી બહાદુર** પોતાના પ્રવાસ અને યાત્રા દરમ્યાન જુદા જુદા સંઘોના કુસંપો દૂર કરવાને સ્તુતિપાત્ર પ્રયત્ન કરતા રહ્યા હતા. અને સાદડીમાં પણ એક ફેંસલો આપી કુસંપનું બીજ દૂર કર્યું હતું. પણ અફસોસ થાય છે કે હજુ તેઓ જોડાયા નથી.

મી. અમરચંદ પરમારે જુદે જુદે સમયે મજકુર સાદડી, ધાણેરાવ, નારલાઇ, નાડોલ, અને સિરોહીના શ્રી સંઘની સભાઓ બોલાવી હતી, અને પોતાની વકતૃત્વ શક્તિથી કોન્ફરન્સના હેતુઓ વિગેરે ઉપર ભાષણ આપી કેટલાએક અગત્યના ઠરાવો પસાર કરાવ્યા છે; સિરોહીમાં એ કાર્ય માટે તેઓ પંદર દિવસ રોકાયા છે. એ પસાર કરેલા ઠરાવોમાં **"જૈનમત સમીક્ષા"** નામની જૈનોની લાગણી દુખાવનારી બુકને વખોડી કાઢનારો અને તે બાબતમાં જૈન સંઘે લીધેલાં પગલાંને સમ્મત થનારો, આપણા વીર રત્ન મરહુમ **મી. ફકીરચંદ પ્રેમચંદ**ના અકાળ મૃત્યુ માટે અત્યંત દીલગીરી જાહેર કરી દિલાસાપત્ર મોકલવાનો, દેવદ્રવ્યના સરવૈયા દરસાલ પ્રગટ કરી જૈન કોન્ફરન્સને મોકલવાનો, કમીટીઓ નીમવાનો, મરણ પાછળ બનતી રીતે ઓછો સોગ પાળવાનો, સુકૃતના પૈસા જલદી વાપરી નાંખવાનો, લગ્ન જૈનવિધિથી કરવાનો, લગ્નમાં ફટાણાં ન ગાવાનો, દારૂખાનું ન છોડવાનો, વેશ્યાનો નાચ ન કરાવવાનો, હોળી સળગાવવી તથા ધુળ રમવી બંધ કર-

વાનો, સીળીસાતમ વગેરે મિથ્યાત્વી પર્વો પાળવાનું બંધ કરાવવાનો, જૈન સુકૃત ભંડારમાં દરવરસે ચાર આના આપવાનો, પાઠશાળા ખોલાવવાનો, ચામડાના પુઠાં, કચકડાની વસ્તુઓ અને પીછાંની ટોપીઓ નહીં વાપરવા વિગેરેનો એમ જુદા જુદા ઠરાવો હતા

જૈન કોન્ફરન્સની મુંબઇની બેઠકમાં મી. પરમારે હાનીકારક રીવાજો બંધ કરવાના સંબંધમાંજ મૂળ દરખાસ્ત કરી ભાષણ આપ્યું હતું અને તે ભાષણનો અમલ તેઓ ઉપર પ્રમાણેના ઠરાવો કરાવીને સ્તુતિપાત્ર રીતે કર્યા જાય છે. તે ઉપરાંત જીવદયા, સુકૃત ભંડાર વગેરે બાબતોને લગતા પણ ઠરાવો પસાર કરાવી શકયા છે, રજપુતાના જેવો પ્રદેશ જ્યાં જુની રીતો છોડવી બહુ કઠણ સમજવામાં આવે છે, ત્યાં પણ તેઓએ જૈન વિધિથી લગ્ન કરાવ્યાં છે. મી. ઢઢાએ પણ પોતાના લગ્ન જૈન વિધિથી કરાવ્યા છે, તેઓની હીંમતની તારીફ કરવી જોઇએ કે તેઓએ પોતાના સાળાને સાફ લખ્યું હતું કે 'અગર જૈન વિધિથી લગ્ન કરવાનું નહી કબુલ કરવામાં આવશે તો થએલું વેશવાળ છોડી દેવામાં આવશે.' એક બાજુ જ્યારે આ મુજબ છે, ત્યારે કાઠીઆવાડ જેવા સુધરેલા દેશમાં જૈનોમાં વેદ વિધિથીજ લગ્ન કરવાનું કોઇ કોઇ જ્ઞાતિ તરફથી દબાણ થાય છે એ બહુ અફસોસકારક છે. વર કન્યા બંને પક્ષવાળા જૈન વિધિથી લગ્ન કરવા તૈયાર હોવા છતાં તેઓને જુની રીતીએ લગ્ન કરવાની ફરજ પાડવામાં આવે તો એ બાબત બહુજ શોચ કરવા જેવી ગણાય.

મી. પરમાર એટલેથીજ અટકયા નથી, પણ જ્યારે તેઓએ જોયું કે જૈન વિધિથી લગ્ન કરવાના ઠરાવો ગામના લોકો કરે પણ તે વિધિ કરાવનાર ન મળે તો પછી તે ઠરાવનો અમલ કેવી રીતે થઇ શકે? ત્યારે તેને માટે વિધિ શીખનારા પણ તેમણે તૈયાર કરવા માંડ્યા છે. દરેક સ્થળે આ મુસ્કેલી ઉભી થવાની અને જ્યાં સુધી લગ્નની વિધિ જાણનારા ભોજકો કે બ્રાહ્મણો, વગેરે ઉભા કરવામાં નહીં આવે ત્યાં સુધી આ બાબત ફત્તેહમંદ થવું એ એક મુસ્કેલ સવાલ છે. જૈન કોન્ફરન્સની ફરજ છે કે કોઇ પણ જાતની લાલચો આપી કુળગુરૂ, ભોજક, બ્રાહ્મણ, સેવક, રાવળ વિગેરે જૈન વિધિથી લગ્ન કરાવતાં શીખે એવા ઉપાયો કામે લગાડવા જોઇએ. અમુક સંખ્યાના માણસોને વિધિ શીખવી તૈયાર કરી આપનારને અમુક ઇનામ આપવું અને જૈન વિધિથી લગ્ન કરાવનારને અમુક બદલો આપવો એવો ઠરાવ ન કરવામાં આવે ત્યાં સુધી જૈન વિવાહવિધિ ચાલવી એ એક કઠણ કામ છે. ધારો કે દર વરસે બસેં લગ્ન પણ જ્યાં સુધારો દાખલ થયો નથી તેવા પ્રદેશોમાં જૈન વિધિથી થાય અને લગ્ન દીઠ રૂ.૨) ની લાલચ લગ્ન કરા-

વનારને આપવી પડે તો વરસના ચારસે રૂપીઆના ખરચમાં કોન્ફરન્સે ઉ-ઠાવેલું મહાભારત કામ સહેલાઇથી પાર પાડી શકાય.

સાદડી ગામમાં **વ્યાસ કાશીરામજી** પંડીતે ૧૦ બ્રાહ્મણોને જૈન વિધિ શીખવવા માંડી છે, તેમજ સિરોહીમાં કૌમુદી વ્યાકરણ ભણેલા **પંડીત રેવાશંકર નાથુરામે** પાંચ જણાઓને એ વિધિ શીખવવા માંડી છે,અને પોતે કંઠાગ્ર કરવા માંડી છે, તો જ્યારે એઓ તૈયાર થઇ પરીક્ષા આપે ત્યારે તેઓને દશ વીશ રૂપીઆ આપી સત્કાર કરવામાં આવે તો જૈન વિધિ વધુ ફેલાવો પામે.

આ પ્રસંગે એક બીજી પણ સૂચના કરવી જરૂરની સમજવામાં આવે છે તે એ છે કે પ્રોવીન્શીયલ સેક્રેટરીની પાસે એક ખાસ બોર્ડ નીમવું જોઇએ. એ બોર્ડમાં ૪—૫ જણાજ મેંબરો હોય અને બહાર ગામના ઝગડા, ટંટા, સલાહ વિગેરે બાબત તેઓ આગળ લાવવામાં આવે, તેનો તેઓ નિર્ણય કરી મુખ્ય ઓફીસ તરફ મોકલી આપે જ્યાં સુધી એ મુજબ કર-વામાં નહી આવે ત્યાં સુધી કોન્ફરન્સની સર્વોપરી સત્તા ગણાશે નહી, અને દિનપરદિન આગળ વધતી જશે નહીં. જે જે ગામમાં લોકોએ સુધારા દા-ખલ કર્યા હોય તેઓ તે પ્રમાણે ચાલે છે કે નહી તે જોવું-તપાસવું, તેવા સુધારાઓ દાખલ કરવા માટે તેઓને પ્રશંસાપત્રો મોકલવા. સાધુ મુનિરાજો જે તે ગામો તરફ વિચરતા હોય તેમને ખબર આપવી કે તેઓ દ્રઢ રહે એવો ઉપદેશ કરતા રહે, તેઓએ કરેલા સુધારાઓ વિગતવાર હેંડબીલના આ-કારમાં છપાવી તે ગામમાં જેટલા ઘરની વસ્તી હોય તે પ્રમાણમાં હેંડબીલો ઘેરઘેર વહેંચવા-મોકલી આપવા કે જેથી તેઓ પોતાના મકાનમાં ચોડી રાખી હરદમ યાદ કરતા રહે. જે જે ગામોએ જે જે પ્રકારના સુધારાઓ દાખલ કર્યા હોય તેનો રીપોર્ટ જૈન કોન્ફરન્સ તરફથી છપાતો રહે, અને તે પછીની કોન્ફરન્સમાં રજુ થાય દરેક ગામવાળા સામાન્ય સુધારા કયા કયા પ્રકારના કરી શકે તેની એક યાદી તૈયાર કરી જે જે ગામવાળાઓ ઉંઘતા હોય તેઓને મોકલી આપવી જોઇએ, અને સાથે પત્રમાં લખાવું જોઇએ કે તમારા ગામથી હજુ કેમ કંઈ થયું નથી. અમદાવાદ જેવા મોટા શહેરો પણ આવી બાબતમાં હજુ કાંઇ કરી શકયા નથી તો જેમણે કાંઇ પણ કર્યું છે તે ગામડાવાળાઓ ખરેજ પ્રશસાને પાત્ર છે.

આવતી વૈશાખસુદ ૧૦ ને દીવસે આબુજી ઉપર શ્રી અચળગઢમાં અને સીરોહી પાસે કોલર વગેરે સ્થળે પ્રતિષ્ઠા ઓછવ થનાર છે. રજપુતા-નાના રીવાજ પ્રમાણે દરેક ગામના આગેવાન પંચો ત્યાં મોકલવામાં આવશે. જો જૈન કોન્ફરન્સ પોતાના બે ઉપદેશકો અથવા કોન્ફરન્સના બે સુકાનીઓ

તે વખતે ત્યાં જઇ ચઢે, હિંદુસ્તાની ભાષામાં છપાવેલા હેંડબીલો સાથે રાખે, અને ભાષણો આપે તો તુરત કેટલાએક ઠરાવો ત્યાં પાસ કરવામાં આવે, અને એ રીતે બસેં ત્રણસેં ગામોના પંચોના હસ્તાક્ષર થવાથી એટલા બધા ગામોમાં ફરવાની વિટંબણા મટે.

રજપુતાનાના જૈનોનું કહેવું એમ છે કે કોન્ફરન્સ માત્ર સૂચના રૂપે કામ કરે છે, પરંતુ એકલુ તેમ ન કરતાં અમલરૂપે કામ કરવા વધારે લક્ષ આપવુ જોઇએ. આ કામ કરવું સારૂં છે, એટલુંજ કહીને બેસી રહેવું હોય તો, નાહક ખરચ કરો અને બીજાઓને ખરચ કરાવી એકઠા થવાનું પ્રયોજન શું? તે કામ તો પત્રથી અથવા પુસ્તક, સર્ક્યુલર છાપીને પણ કરાવી શકાત, જીર્ણોદ્ધાર, નિરાશ્રીત વિગેરે બાબતોની આવશ્યકતા દરેક સમજી શકે છે, પણ એ બાબતોની સુચના કરવા ઉપરાંત તેઓ ઇચ્છેછે કે અમુક ઠરાવો એવી રીતે રજુ કરી પસાર કરવામાં આવે કે હિંદુસ્તાનના જૈનો માટે હુકમ કરવામાં આવે છે કે અમુક તરેહનો સુધારો તેઓએ દાખલ કરવો. અલબત એવો ઠરાવ જે અમલમાં આવી શકે એમ હોય તેજ રજુ કરી શકાય. તેઓ ઉમેદ રાખે છે કે વડોદરાની કોન્ફરન્સ વખતે ઠરાવો ઘડતાં પહેલાં આ બાબત આગેવાનો લક્ષમાં રાખશે કે જેથી કેટલાએક અમલી ઠરાવો પણ આપણે પસાર કરી શકીશું.

કોન્ફરન્સ તરફથી પત્રોના જવાબ ઝટ મળતા નથી એવી સર્વત્ર બૂમ છે, તેથી જો તેમ પ્રમાદ કરવામાં આવશે તો તેથી મોટી હાની પહોંચશે. પેપરોમાં આવેલી ખબરો ઉપરથી પણ કોન્ફરન્સે મજકુર ગામોપર અનુમોદનાના પત્રો લખવા જોઇએ.

અમે આશા રાખીએ છીએ કે બીજા જૈન બંધુઓ પણ મી. પરમારની માફક પોતાનો સમય બચાવી ધર્મ સેવા કરવા તરફ ધર્મનો ઝુંડો ઉઠાવી કોન્ફરન્સના હેતુઓ બર લાવશે. તથાસ્તુ.

# बनारस जैन पाठशाळामां मळेली मदद.

શ્રી બનારસમાં શ્રીમદ્યશો વિજયજી જૈન પાઠશાળાનું સ્થાપન કરીને શ્રાવક વેણીચંદ સુરચંદ શ્રી કલકત્તા તેમજ મુર્શિદાબાદ તરફ ગયા હતા. ત્યાંથી તેમના અમોઘ પ્રયાસવડે તેમણે નીચે પ્રમાણે મદદ મેળવી છે.

૫૦૦૦) બાબુ સાહેબ બીસનચંદજી વિજયશિંગજી દુધેડીયાએ રૂ. ૫૦૦૦)ની લોન લઇને શેઠ વીરચંદભાઇ દીપચંદ તથા શેઠ ગોક-

ળભાઇ મુળચંદના નામ ઉપર બનારસ પાઠશાળાના ત્રસ્ટી તરીકે ચડાવી આપી છે.

૧૫૦૦) **બાબુ સાહેબ રાય બહાદુર બુદ્ધસિંગજી દુધેડીયાએ** પાંચ વર્ષ સુધી દરમાસે રૂ. ૧૫) પોતાની માતાજી તરફથી તથા રૂ. ૧૦) પોતાની તરફથી મળી કુલ રૂ.૨૫) આપવાનું કબુલ કર્યું છે; જેથી એકંદર રૂ. ૧૫૦૦)ની તે મદદ મળી છે.

૫૦૦) **બાબુ સાહેબ ડાલચંદજી સાંગીએ** રૂ. ૨૦૦) રોકડા આપ્યા છે અને પાંચ વર્ષ સુધી દર માસે રૂ. ૫), આપવા કબુલ કર્યા છે; જેથી એકંદર રૂ. ૫૦૦)ની તે મદદ મળી છે.

૬૦૦) **રાય બહાદુર મેઘરાજજી** તરફથી દર માસે રૂ. ૧૦) એટલે પાંચ વર્ષ સુધીના એકંદર રૂ. ૬૦૦)

૩૦૦) **બાબુ જાલમચંદજીની સાસુ** તરફથી દરમાસે રૂ. ૫) એટલે પાંચ વર્ષ સુધીના એકંદર રૂ. ૩૦૦)

૩૦૦) **બાબુ વિનયચંદજી** કોઠારી તરફથી દર માસે રૂ. ૫) એટલે પાંચ વર્ષ સુધીના એકંદર રૂ. ૩૦૦)

ઉપર પ્રમાણે કુલ રૂ. ૮૨૦૦)ની મદદ અજીમગંજમાંથી મેળવી છે. તેમાં કાર્યની શ્રેષ્ઠતા, પ્રયાસની અમોઘતા અને ભાગ્યવાનની ઉદારતા એ ત્રીપુટીનો સંયોગ થયેલો છે, બનારસ પાઠશાળા જેવું ઉત્તમકાર્ય, વેણીચંદ સુરચંદ જેવો અમોઘ પ્રયાસકર્તા અને મુર્શિદાબાદના ઉદાર બાબુઓની ઉદારતાએ ત્રણ એકત્ર મળે ત્યાં જે ધારે તે બની શકવા સંભવ છે.

બીજી જૈન કોન્ફરન્સનાં કેળવણી સંબંધી ફંડમાંથી પણ રૂ૨૫૦૦) બનારસ પાઠશાળામાં આપવાનો ઠરાવ થયાના ખબર શ્રી બનારસથી **મુનિરાજ શ્રી ધર્મવિજયજી** લખે છે. આ ઠરાવ પણ યોગ્યજ થયો છે. સાંસારિક તેમજ ધાર્મિક કેળવણી પ્રત્યે થયેલા ફંડમાંથી આ પાઠશાળાને યોગ્ય મદદ આપવી તે પ્રથમ પંક્તિનું કાર્ય છે.

આ સંબંધમાં હાલ વધારે લખવાની આવશ્યકતા નથી, કારણ કે હજુ આ પાઠશાળાના પાયાને સુદઢ કરવાને માટે બનારસ સેંટ્રલ હિંદુ કોલેજની જેમ ઘણા સંગીત ફંડની જરૂર છે. અને અમને વિશ્વાસ છે કે આપણા ઉદાર દિલના શ્રીમંતો પોતાના દ્રવ્યનો આવા અત્યુત્તમ કાર્યમાં ઉપયોગ કરશેજ. તેથી વધારે સારા પાયાપર ફંડ થયા બાદ આ સંબંધમાં બીજી ઘણી ઉપયોગી અને લાભદાયક સૂચનાઓ પ્રદર્શિત કરશું. અમે આ પાઠશાળાનો નિરંતર અભ્યુદય ઇચ્છિએ છીએ અને મધ્યસ્થ મુનિ મહારાજાઓ અને વિદ્વાન્ જૈન બંધુઓ તેમજ કદરદાન ગૃહસ્થો અમારા વિચારને અનુમોદન આપતા આવ્યા છે, તેથી તેના અભ્યુદયને માટે અમે તદ્દન નિઃશંક છીએ. હાલ આટલુંજ લખવું બસ છે.

વધારે હવે પછી.

## લવાજમની પોહોંચ.

૧—૪ જૈન લાયબ્રેરી વાંકાનેર.
૨-૩ા' માણીલાલ એચર
૨-૧૦ા શેઠ દલપતભાઇ મગુભાઇ
૧—૪ શેઠ કેવળદાસ ચતુરદાસ
૧—૪ શા હીરાચંદ કલ્યાણજી
૦—૨ શા. ગણેશ વેલજી
૧—૪ શા. જીવરાજ કચરા
૧—૦ વોરા ભીખાભાઇ નથુભાઇ
૧—૪ શા. દોલતચંદ કાળીદાસ
૧—૪ કોઠારી જટાશંકર ન્યાલચંદ
૧—૪ વોર લલુભાઈ ગીરધરલાલ
૧—૪ શા મગનભાઇ નાનચંદ
૨-૧૦ શા બાપુલાલ નિહાળચંદ
૧—૦ શા નારણજી ભાણાભાઇ
૧—૪ શા ઉમેદ વેણીચંદ
૧—૦ શેઠ ધોંડીરામ તુકારામ
૧—૪ શા ચુનીલાલ પ્રેમચંદ માસ્તર
૨-૧૦ દોશી કાળીદાસ દેવકરણ
૧—૪ સંઘાણી નેમચંદ સાંકળચંદ
૧—૦ શા ઠાકરસી મીઠા
૨-૧૦ મહેતાજી છગનલાલ હુકમચંદ
૧-૪ શા જગજીવનદાસ રામચંદ
૧—૩ શા લક્ષ્મીચંદ કરમચંદ
૧—૪ શા મૂળચંદ જસરાજ
૧—૪ શા ગુલાબચંદ નેમચંદ
૧—૪ ધીઆ કુનરજી કપુરચંદજી
૧—૪ દોસી સાકરચંદ ખેતસી
૧—૪ શા કલ્યાણભાઇ ધરમચંદ
૧—૪ માઢની શીરાજ સોમજી
૧—૪ શા હરીભાઈ ઠાકરશી
૧—૪ શા પરશોતમ ઓધડ
૨—૮ શા હરગોવનદાસ કેવળદાસ
૧—૩ શા રતનચંદ મનસુખ
૬—૪ શા મેલાપચંદજી આણંદચંદજી
૧—૪ શેઠ મુળચંદ કરસનજી
૧—૪ દોશી નાગરચંદ દેવચંદ
૧—૪ ટોળીઆ વલભજી રામજી
૧—૦ શા ફુલચંદ બકોર
૧—૪ કાગદી પોપટલાલ પુરૂષોતમ
૨-૧૦ શા દેવશીભાઇ હેમચંદ
૧—૪ શા ગોવનજી ડોસાભાઇ
૧—૪ સંઘવી લાડકચંદ ચત્રભુજ
૧—૪ સંઘવી ગોવનજી વીરચંદ
૧—૪ મેતા જેઠાભાઇ પીતાંબર
૧—૪ મેતા દેવચંદ જેતસી
૨—૦ ભાવસાર છગન ભૂરા
૧—૪ મુનિશ્રી ગુણવિજયજી
૧—૪ શા હંસરાજ રતનશી
૧—૪ શ્રાવક કેશરીમલ ઉદેચંદ
૨—૮ પારેખ કેશવલાલ બાપુલાલ
૦-૧૧ શા ખોડાભાઇ છગનલાલ
૧—૪ શા જેઠાદાસ હાથીચંદ
૫—૦ શા ત્રીભોવનદાસ લહેરચંદ
૨—૮ શા ચુનીલાલ ગુલાબચંદ
૨—૮ શેઠ તલકચંદ માણેકચંદ
૨—૮ શેઠ સખારામભાઇ દુર્લભદાસ
૧—૪ દેશાઇ લખમીચંદ ભવાન
૧—૪ હરકીશનદાસ રામજી
૧—૪ દોશી પોપટ નાગજી
૧—૮ કોરડીયા વશરામ મકન
૧—૪ શા બકોર ચત્રભુજ
૧—૪ શા ગુલાબચંદ મુળચંદ
૧—૪ શા ખુલાખીદાસ સરૂપચંદ
૧—૪ શા રતનચંદ નાગર
૧—૪ શા મોતીચંદ નાનચંદ
૧—૪ શા મોહનલાલ વાલજી

## શ્રી જૈનધર્મ પ્રકાશના કાયમી ગ્રાહક.

૧ દેશાઇ લક્ષ્મીચંદ ભવાન. શ્રી બોટાદવાળાએ રૂ. ૨૦) ભરવાથી તેમનું નામ કાયમી ગ્રાહક તરીકે દાખલ કરવામાં આવ્યું છે.

## અમારી સભામાં નવા મેમ્બર.

૧ શા. મોહનલાલ પુંજાભાઇ. શ્રી માંગરોળવાળા હાલ મુંબાઇ

૨ શા. માવજી ગોવીંદજી. શ્રી ભાવનગર.

બંને પહેલા વર્ગના વાર્ષિક મેમ્બર તરિકે દાખલ થયા છે.

## જાહેર ખબર.

"ભાવનગરમાં જૈન બોર્ડીંગ."

સર્વે જૈન અભ્યાસીઓને જણાવવાનું કે-મેટ્રીક કલાસમાં તેમજ કોલેજમાં અભ્યાસ કરતા યા કરવાને ઇચ્છતા વિદ્યાર્થીઓને માટે શહેર ભાવનગરમાં દાદાસાહેબની વાડીમાં બોર્ડીંગ ખોલવામાં આવેલ છે તેને માટે ખાસ મકાન બંધાતા સુધીમાં જુદી ગોઠવણ કરવામાં આવી છે. તેથી ઉપર જણાવેલા અભ્યાસવાળા વિદ્યાર્થીઓને આવવા ઇચ્છા હોય તેણે શ્રી જૈ. બો વ્ય. કમીટીના વાઇસ પ્રેસીડેન્ટ વોરા અમરચંદ જસરાજને શીરનામે પોતાની અરજીઓ મોકલાવવી. આ બોર્ડીંગમાં દાખલ થનારે હાલ તરતમાં માત્ર રહેવાની તથા ખુરશી, ટેબલ અને દીવાબત્તીની સગવડ કરી આપવામાં આવશે. તા. ૯-૩-૧૯૦૪

સહી. જ. ન. ઉનવાળા.

ભાવનગર જૈન બોર્ડીંગ વ્યવસ્થાપક કમીટીના પ્રમુખ

અને

ભાવનગર શામળદાસ કોલેજના પ્રીન્સીપાલ.